RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 97* Date: 03.02.2022 Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

**વિશ્વ જ્યારે ભારતને નવી રીતે જોઈ રહ્યું છે તો આપણા માટે પણ જરૂરી છે કે દેશને ઝડપથી આગળ વધારીએ**

# 'અમારું ફોકસ ખેડૂત, યુવાન અને મધ્યમ વર્ગ છે' : પીએમ મોદી




નવીદિલ્હી,તા.૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે (બુધવારે) બજેટ ૨૦૨૨ પર ભાજપના કાર્યકર્તાઓ સાથે સંવાદ કર્યો છે. પ્રધાનમંત્રી મોદીએ આ દરમિયાન બજેટની સિદ્ધિઓ ગણાવી છે. મહત્વનું છે કે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે મંગળવારે દેશનું સામાન્ય બજેટ લોકસભામાં રજૂ કર્યું હતું. પ્રધાનમંત્રી મોદીએ કહ્યુ કે દેશ ૧૦૦ વર્ષમાં આવેલી સૌથી મોટી મહામારી સામે લડી રહ્યો છે. કોરોનાનો આ કાળખંડ દુનિયા માટે અનેક પડકારો લઈને આવ્યો છે. દુનિયા ચાર રસ્તા પર આવીને ઉભી રહી ગઈ છે, જ્યાં ટર્નિંગ પોઈન્ટ ચોક્કસ છે. આગળ જે આપણે દુનિયા જોવાના છીએ તે એવી નહીં રહે જે કોરોના પહેલા હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યુ કે કોરોના બાદ એક નવો વર્લ્ડ ઓર્ડર બનશે. તેના સંકેત પણ જોવા મળી રહ્યાં છે. આજે ભારત તરફ જોવાના વિશ્વની નજરમાં મોટો ફેરફાર આવી રહ્યો છે. હવે દુનિયાના લોક ભારતને વધુ મજબૂત રૂપમાં જોવા ઈચ્છે છે. તેથી વિશ્વ જયારે ભારતને નવી રીતે જોઈ રહ્યું છે તો આપણા માટે પણ જરૂરી છે કે દેશને ઝડપથી આગળ વધારીએ. આ સમય નવા અવસરો અને નવા સંકલ્પોની સિદ્ધિનો છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યુ કે, આજે ભારતની જીડીપી ૨ લાખ ૩૦ હજાર કરોડની આસપાસ છે. આજે ભારતનો વિદેશી મુદ્રા રિઝર્વ ૬૩૦ બિલિયન ડોલરને પાર કરી ગયો છે. કોરોનાના આ સમયમાં પણ ભારતે પોતાની અર્થવ્યવસ્થાને મજબૂતીથી દુનિયાનું ધ્યાન આકર્ષિત કર્યું છે. આ બજેટનું ફોકસ ગરીબ અને યુવાઓ પર છે. મૂળભૂત સુવિધાઓ આપવી અમારૂ લક્ષ્ય છે.

તેમણે કહ્યું કે છેલ્લા સાત વર્ષમાં અમારી સરકારે ૩ કરોડ ગરીબોને પાકુ મકાન આપીને તેમને લાખોપતિ બનાવ્યા છે. હવે આશરે ૯ કરોડ ગ્રામીણ ઘરોમાં નળથી પાણી પહોંચવા લાગ્યું છે. તેમાંથી આશરે ૫ કરોડથી વધુ પાણીના કનેક્શન જલ જીવન મિશન હેઠળ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવ્યા છે. બજેટમાં જાહેરાત કરવામાં આવી કે આ વર્ષે આશરે ૪ કરોડ ગ્રામીણ ઘરોને પાણીનું કનેક્શન આપવામાં આવશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે જે લોકો ગરીબ હતા તેઓ ઝૂંપડપટ્ટીમાં રહેતા હતા, હવે તેમની પાસે પોતાનું ઘર છે. આ મકાનો માટેની રકમ પણ અગાઉની સરખામણીએ વધી છે અને બાળકોને અભ્યાસ માટે જગ્યા મળી રહે તે માટે મકાનોની સાઈઝ પણ વધી છે. મોટી વાત એ છે કે આમાંના મોટાભાગના ઘરો મહિલાઓના નામે છે, એટલે કે આપણે મહિલાઓને ઘરની માલિક બનાવી દીધી છે.

પીએમ મોદીએ કહ્યું કે હજારો કરોડ રૂપિયાની જોગવાઈ સાથે, ખાસ કરીને કેન-બેતવાને જોડવા માટે, યુપી અને એમપીના બુંદેલખંડ વિસ્તારની તસવીર પણ બદલાવા જઈ રહી છે. હવે બુંદેલખંડના ખેતરોમાં વધુ હરિયાળી આવશે, ઘરોમાં પીવાનું પાણી આવશે, ખેતરોમાં પાણી આવશે.

પીએમ મોદીએ કહ્યું કે, આ સમય નવી તકોનો છે, નવા સંકલ્પોને પૂર્ણ કરવાનો સમય છે. તેમણે કહ્યું કે, ભારત આત્મનિર્ભર બને તે ખૂબ જ મહત્વપૂર્ણ છે અને આત્મનિર્ભર ભારતના પાયા પર આધુનિક ભારતનું નિર્માણ થવું જોઈએ. વડાપ્રધાનના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૧૩-૧૪માં ભારતની નિકાસ ૨ લાખ ૮૫ હજાર કરોડ રૂપિયા હતી. આજે ભારતની નિકાસ ૪ લાખ ૭૦ હજાર કરોડ રૂપિયાની આસપાસ પહોંચી ગઈ છે.

વડાપ્રધાને કહ્યું કે, ભાજપ સરકારના પ્રયાસોને કારણે આજે દેશના લગભગ ૯ કરોડ ગ્રામીણ ઘરોમાં પાણી પહોંચવાનું શરૂ થયું છે. તેમણે જણાવ્યું કે, આમાંથી છેલ્લા બે વર્ષમાં જલ જીવન મિશન હેઠળ ૫ કરોડથી વધુ પાણીના જોડાણો આપવામાં આવ્યા છે. બજેટમાં જાહેરાત કરવામાં આવી છે કે, આ વર્ષે લગભગ ૪ કરોડ ગ્રામીણ પરિવારોને પાણીના જોડાણ આપવામાં આવશે.

પાણી પર તેમની ચર્ચાને આગળ વધારતા પીએમ મોદીએ કહ્યું કે, યુપી અને મધ્યપ્રદેશના બુંદેલખંડની તસવીર બદલાવવાની છે. તેમણે કહ્યું કે, હજારો કરોડ રૂપિયાની જોગવાઈ, ખાસ કરીને કેન-બેતવા લિંક માટે, યુપી અને એમપીના બુંદેલખંડ વિસ્તારની તસવીર પણ બદલશે. હવે બુંદેલખંડના ખેતરોમાં વધુ હરિયાળી હશે, ઘરોમાં પીવાનું પાણી આવશે, ખેતરોમાં પાણી આવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, જે લોકો ગરીબ હતા તેઓ ઝૂંપડીમાં રહેતા હતા, હવે તેમની પાસે પણ પોતાનું ઘર છે. આ મકાનો માટેની રકમ પણ અગાઉની સરખામણીએ વધી છે અને બાળકોને અભ્યાસ માટે જગ્યા મળી રહે તે માટે મકાનોનું કદ પણ વધાર્યુ છે. તેમણે કહ્યું કે, મોટી વાત એ છે કે, આમાંથી મોટાભાગના ઘર મહિલાઓના નામે છે એટલે કે અમે મહિલાઓને ઘરની માલિક બનાવી દીધી છે.

### રાહુલ ગાંધી પર સીતારમનનો પલટવાર

## એવા લોકો પર દયા આવે છે જે ટ્વિટર પર ટિપ્પણીથી વધુ કશું નથી કરતા, પહેલા કંઈક કરીને દેખાડો : નાણા પ્રધાન

સંસદમાં નાણામંત્રી નિર્મલા સીતારમને સામાન્ય બજેટ રજૂ કર્યા બાદ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આ બજેટને જીરો ગણાવ્યું હતું. રાહુલ ગાંધીની પ્રતિક્રિયા પર નાણામંત્રીએ પોતાનો અભિપ્રાય આપ્યો છે. રાહુલ ગાંધી પર કટાક્ષ કરતા નાણામંત્રીએ કહ્યું કે ટ્વિટર પર ટિપ્પણી કરવાથી કંઈ થતું નથી, તેમણે પહેલા કંઈક કરવું જોઈએ. નાણામંત્રીએ કહ્યું, 'મને તે લોકો પર દયા આવે છે જેઓ ખૂબ જ ઝડપથી પ્રતિક્રિયા આપે છે. માત્ર એટલા માટે કે તમે ટ્વિટર પર કંઈક ટિપ્પણી કરવા માંગો છો તે તમારા માટે કંઈ કામ આવશે નહીં. પહેલા તેમણે કોંગ્રેસ શાસિત રાજ્યોમાં કંઈક કરવું જોઈએ અને પછી તેના વિશે બોલવું જોઈએ.

આ પહેલા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે સામાન્ય બજેટમાં પગારદાર વર્ગ, મધ્યમ વર્ગ, ગરીબ, ખેડૂતો, યુવાનો અને નાના વેપારીઓ માટે કંઈ નથી. રાહુલ ગાંધીએ ટ્વીટ કરતાં કહ્યું હતું કે, 'મોદી સરકારના બજેટમાં કંઈ નથી. મધ્યમ વર્ગ, નોકરિયાત વર્ગ, ગરીબ અને વંચિત વર્ગ, યુવાનો, ખેડૂતો અને સ્જીસ્ઈ માટે કંઈ નથી.

પ્રેસ કોન્ફરન્સમાં જયારે નાણામંત્રીને રાહુલ ગાંધીની ટિપ્પણીઓ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે દેશના સૌથી જૂના રાજકીય પક્ષના નેતાએ હોમવર્ક કર્યા વિના બજેટ પર ટિપ્પણી કરી છે. તેમણે પહેલા એવા રાજ્યોની ચિંતા કરવી જોઈએ જ્યાં તેમની પાર્ટીનું શાસન છે. જ્યાં તેઓ એવી યોજનાઓને લાગુ કરે જે કેન્દ્ર દ્વારા જાહેરાત કરવામાં આવી છે. તેઓએ પંજાબ, મહારાષ્ટ્ર અને છત્તીસગઢ પર ધ્યાન આપવું જોઈએ. કોંગ્રેસ પાર્ટીએ કેન્દ્રીય બજેટની રજૂઆત પછી આરોપ લગાવ્યો કે સરકારે દેશના નોકરિયાત અને મધ્યમ વર્ગને રાહત ન આપીને દગો કર્યો છે. પાર્ટીના મુખ્ય પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ ટ્વીટ કર્યું, ભારતનો પગારદાર વર્ગ અને મધ્યમ વર્ગ મહામારીના આ કાળમાં પગારમાં કપાત અને કમરતોડ મોંઘવારીમાં રાહતની આશા રાખી રહ્યો હતો.

નાણા મંત્રી અને વડા પ્રધાને ફરી એકવાર તેમના સીધા કર સંબંધિત પગલાંથી આ વર્ગોને ખૂબ જ નિરાશ કર્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે તે પગારદાર વર્ગ અને મધ્યમ વર્ગ સાથે વિશ્વાસઘાત છે. સુરજેવાલાએ એ પણ પૂછ્યું કે શું સરકારે 'ક્રિપ્ટો કરન્સી'થી થતી આવક પર ટેક્સ લાદીને બિલ લાવ્યા વિના 'ક્રિપ્ટો કરન્સી'ને કાયદેસર કરી દીધી છે.?

## કોરોનાકાળમાં પણ બજેટનો આકાર વધારીને ૩૯.૪૫ કરવો સરાહનીય : અમિત શાહ



નવીદિલ્હી,તા.૦૨

મોદી સરકાર દ્વારા રજૂ થયેલું બજેટ ભારતને આત્મનિર્ભર બનાવવાની સાથોસાથ સ્વતંત્રતાના ૧૦૦માં વર્ષમાં નવા ભારતનો પાયો નાખશે. ગૃહપ્રધાને કહ્યું હતું કે બજેટનો આકાર વધારીને ૩૯.૪૫ લાખ કરોડ કરવો, કોરોનાકાળમાં પણ ભારતની ઝડપથી વધતી અર્થવ્યવસ્થાને દર્શાવે છે. મહેસૂલી ખાધનું લક્ષ્ય ૬.૯ ટકાથી ઘટાડી ૬.૪ ટકા કરવી મોટી સિદ્ધિ છે. મને વિશ્વાસ છે કે ભારત મહેસૂલી ખાધને ૪ ટકાની નીચે લાવવામાં સફળ રહેશે. શાહે સાથે જ કહ્યું હતું કે આજે વડાપ્રધાન મોદીએ સહકારિતા ક્ષેત્રમાં વૈકલ્પિક ન્યૂનતમ કર રેટને ૧૮.૫ ટકાથી ૧૫ ટકા અને સરચાર્જને ૧૨ ટકાથી ઘટાડીને ૭ ટકા કરવાનો નિર્ણય, દાયકાઓથી સહકારિતા ક્ષેત્ર સાથે થઇ રહેલા અન્યાયને સમાપ્ત કરીને તેને બાકીના ક્ષેત્રો સાથે લાવી મૂકવાનું કામ કર્યુ છે. તે મોદીજીના સહકારથી સમૃદ્ધિના સંકલ્પને સાબિત કરવાનું કામ કરશે. ઝીરો બજેટ, કુદરતી ખેતી, રિવર લિંક્કિંગ, એક સ્ટેશન-એક પ્રોડક્ટ અને કિસાન ડ્રોન જેવા વિવિધ પ્રયાસ ખેડૂતોને ફાયદો આપવાની સાથે જ કૃષિ ક્ષેત્રને આધુનિક અને આત્મનિર્ભર બનાવવાના વડાપ્રધાન મોદીના સંકલ્પને સાકાર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. ગૃહપ્રધાને સાથે જ મૂડીગત રોકાણને ૩૫ ટકા વધારીને ૭.૫ લાખ કરોડ કરવા માટે વડાપ્રધાનને અભિનંદન પાઠવ્યા હતા.

કેન્દ્રીય સંરક્ષણપ્રધાન રાજનાથસિંહે બજેટને આવકાર આપતા કહ્યું હતું કે કેન્દ્રીય બજેટ મેક ઈન ઈન્ડિયા અભિયાનને પ્રોત્સાહન આપશે, માગમાં વધારો કરશે અને મજબૂત, સમૃદ્ધ અને ભરોસાથી ભરેલા ભારતનું નિર્માણ કરશે. નાણાપ્રધાન નિર્મલા સીતારામનને અભિનંદન પાઠવતા, રાજનાથસિંહે ટ્વિટ કરીને કહ્યું હતું કે, આ એવું બજેટ છે જે મેક ઈન ઈન્ડિયા અભિયાનને પ્રોત્સાહન આપશે. આ બજેટ સરકારના આત્મનિર્ભરતા પરના ધ્યાન અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જનતા તરફી સુધારાઓ અને વિકાસના વિઝનને રેખાંકિત કરે છે. કેન્દ્રીય આરોગ્યપ્રધાન મનસુખ માંડવિયાએ નેશનલ ટેલિમેન્ટલ હેલ્થ પ્રોગ્રામ શરૂ કરવાની જાહેરાત કરવા બદલ નાણાપ્રધાન નિર્મલા સીતારામન અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માન્યો હતો. ટ્વિટર પર પોસ્ટ કરીને માંડવિયાએ લખ્યું હતું કે, આત્મનિર્ભર ભારતનું બજેટ દેશમાં માનસિક આરોગ્યને મજબૂત કરવા, રિસર્ચને વધારવા, સામાન્ય જનતા સુધી ઉત્તમ આરોગ્ય સુવિધાઓને પહોંચાડવામાં માઈલ સ્ટોન સાબિત થશે. તે બદલ હું વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી અને નાણાપ્રધાન નિર્મલા સીતારામનને હાર્દિક અભિનંદન આપું છું.

## બજેટ સત્રમાં બંને ગૃહોમાં ૧૨-૧૨ કલાક થશે ચર્ચા

નવીદિલ્હી,તા.૦૨

બજેટ સત્રના ત્રીજા દિવસે લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પ્રથમ વક્તા હશે. કુલ ૧૨ કલાકના ચર્ચાના સમયમાંથી એક કલાક વિપક્ષ કોંગ્રેસને ફાળવવામાં આવ્યો છે. નાણા પ્રધાન નિર્મલા સીતારમણે મંગળવારે સંસદમાં બજેટ રજૂ કર્યા પછી તરત જ, રાહુલ ગાંધીએ ટ્વિટર પર કેન્દ્રને બજેટ પર 'ઝીરો-સમ બજેટ' ગણાવ્યું. જ્યારે રાહુલ ગાંધીના ટ્વીટ વિશે પૂછવામાં આવ્યું ત્યારે નાણામંત્રી નિર્મલા સીતારમણે મંગળવારે બજેટ પછીની પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે કોંગ્રેસના નેતાએ પહેલા બજેટને 'સમજવું' જોઈએ. નાણાપ્રધાને કહ્યું કે તેઓ ''ટીકા''નો સામનો કરવા તૈયાર છે, પરંતુ એવા કોઈ વ્યક્તિ દ્વારા આવા નિવેદનો ન કરવા જોઈએ જે ફક્ત ટ્વિટર પર પોસ્ટ કરવા માટે હોય, ખાસ કરીને એવા વ્યક્તિ દ્વારા કે જેણે પોતાનું હોમવર્ક યોગ્ય રીતે કર્યું નથી. રાજ્યસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવ પર ૧૨ કલાક ચર્ચા થશે અને ૮ ફેબ્રુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેનો જવાબ આપી શકે છે. અધ્યક્ષ એમ વેંકૈયા નાયડુની અધ્યક્ષતામાં રાજ્યસભાની વ્યવસાય સલાહકાર સમિતિની મંગળવારે બેઠક મળી, જેમાં આભાર પ્રસ્તાવ અને કેન્દ્રીય બજેટ (૨૦૨૨-૨૩) પર ચર્ચા માટે સમય ફાળવવામાં આવ્યો. રાષ્ટ્રપતિના અભિભાષણ પર ચર્ચા દરમિયાન સભ્યોએ તેમના વિવિધ મુદ્દાઓ રજૂ કર્યા. રાષ્ટ્રપતિનું સંબોધન સરકાર દ્વારા તૈયાર કરવામાં આવે છે. કેન્દ્રીય બજેટ પર રાજયસભામાં ૧૧ કલાકથી વધુ સમય સુધી ચર્ચા થશે. સંસદીય બાબતોના પ્રધાન પ્રહલાદ જોશીએ વ્યાપાર સલાહકાર સમિતિને જણાવ્યું હતું કે નાણા પ્રધાન નિર્મલા સીતારમણ ૧૧ ફેબ્રુઆરીએ ચર્ચાનો જવાબ આપશે.

## દેશમાં છેલ્લા ચોવીસ કલાકમાં કોરોનાનાં ૧.૬૧ લાખ કેસ નોંધાયા

નવીદિલ્હી,તા.૨

દેશમાં કોરોનાનાં આંકમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. પરંતુ આજે પણ સાવધાની હટી દુર્ઘટના ઘટી, જેવી સ્થિતિ છે તેવુ કહેવુ ખોટુ નહી કહેવાય. જી હા, ઝડપી વેક્સિનેશન અને લોકોની કોરોનાને લઈને જાણકારી આ વાયરસથી સંક્રમિત થતા લોકોની સંખ્યામાં ઘટાડો કરી રહ્યુ છે. આ વચ્ચે આજે દેશમાં દોઢ લાખથી ઉપર કોરોનાનાં કેસ નોંધાયા છે.કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાનાં ૧,૬૧,૩૮૬ નવા કેસ નોંધાયા છે. આ સાથે જ રાહતની વાત એ છે કે પોઝિટિવિટી રેટ ૧૧.૬૯% થી ઘટીને ૯.૨૬% પર આવી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં આ વાયરસને કારણે ૧,૭૩૩ લોકોનાં મોત થયા છે, જેમાંથી ૧,૨૦૫ લોકોએ એકલા કેરળમાં જીવ ગુમાવ્યા છે. દેશમાં આ રોગચાળાથી મૃત્યુઆંક વધીને ૪,૯૭,૯૭૫ થઈ ગયો છે. ભારતનો સક્રિય કેસલોડ હાલમાં ૧૭ લાખથી ઘટીને ૧૬,૨૧,૬૦૩ પર આવી ગયો છે, કુલ કેસનો સક્રિય દર પણ ઘટાડો દર્શાવે છે અને તે ૩.૯૦% પર પહોંચી ગયો છે. જ્યારે દૈનિક પોઝિટિવિટી રેટ ૧૧.૬૯% પર પહોંચી ગયો છે. આ સાથે દેશવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૧,૬૭,૨૯,૪૨,૭૦૭ કરોડ રસીનાં ડોઝ આપવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૭,૪૨,૬૫૯ લોકોને રસી આપવામાં આવી છે.

રિકવરી રેટ હાલમાં ૯૪.૯૧% છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨,૮૧,૧૦૯ સાજા થવા સાથે, આ રોગચાળામાંથી સાજા થનારા લોકોની સંખ્યા વધીને ૩,૯૫,૧૧,૩૦૭ થઈ ગઈ છે.

## માલ્યા અને નીરવ મોદી જો પૈસા આપવા તૈયાર છે તો મામલાને રફા-દફા કરો : સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,તા.૨

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પૂછ્યું હતું કે જો વિજય માલ્યા અને નીરવ મોદી જેવા ભાગેડુ ઉદ્યોગપતિઓ પૈસા પરત કરવા તૈયાર છે તો શા માટે તેમને ભારત પાછા લાવીને તેમની સામેના તમામ ગુનાહિત કેસ પરત લેવા અંગે વિચારણા કરો. સીબીઆઈ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ જેવી એજન્સીઓ આના જેવા ડઝનબંધ ભાગેડુ વેપારીઓને પરત લાવવા માટે વર્ષોથી સખત મહેનત કરી રહી છે.આ લોકોએ બેંક સાથે હજારો કરોડની છેતરપિંડી કરી છે અને હવે ફરાર થઈ ગયા છે.

જસ્ટિસ સંજય કિશન કૌલ અને એમએમ સુંદરે કહ્યું કે આ તપાસ એજન્સીઓ ભાગેડુ વેપારીઓને પરત લાવવા માટે વર્ષોથી પ્રયાસ કરી રહી છે. આ હોવા છતાં, તેમના વળતરની કોઈ ૧૦૦% તક નથી. આવી સ્થિતિમાં જો આ ઉદ્યોગપતિઓ બેંકોના પૈસા પરત કરવા તૈયાર હોય તો પૈસા પાછા લઈને તેમની સામેના તમામ કેસ કેમ પાછા ખેંચી લેતા નથી.સુપ્રીમ કોર્ટ સ્ટર્લિંગ ગ્રુપના હેમંત હાથી સામેના કેસની સુનાવણી કરી રહી હતી. તેમની સામે ૧૪૫૦૦ કરોડની છેતરપિંડીનો આરોપ છે. આ કેસના તમામ આરોપીઓ ભારતમાંથી ફરાર છે અને વિદેશમાં રહે છે. આ ઉપરાંત, વિજય માલ્યા અને નીરવ મોદી જેવા ડઝનબંધ ઉદ્યોગપતિઓ છે જે હાલમાં અન્ય દેશોમાં રહે છે.

હેમંત હાથીએ પોતાના વકીલ મારફત કહ્યું કે તે પૈસા પરત કરવા તૈયાર છે. જો કે, તેને ખાતરીની જરૂર છે કે તે ભારત પરત ફરશે ત્યારે તેની સામેના તમામ કેસ પાછા ખેંચી લેવામાં આવશે અને તેને હેરાન કરવામાં આવશે નહીં.હાથીએ કહ્યું કે તેમની પાસે બેંકોના લગભગ ૧૫૦૦ કરોડ દેવાના છે. આમાં ૬૦૦ કરોડ પાછા આવ્યા છે. આવી સ્થિતિમાં તે બેંકોને બીજા ૯૦૦ કરોડ પરત કરવા તૈયાર છે. સુપ્રીમ કોર્ટની બેન્ચે પણ આ પ્રસ્તાવને સ્વીકારી લીધો છે.

કોર્ટે કહ્યું કે તમે ડઝનબંધ ભાગેડુ વેપારીઓનો પીછો કરી રહ્યા છો, પરંતુ હજુ સુધી કોઈ સફળતા મળી નથી. આવી સ્થિતિમાં, જો આ લોકો સામેના કેટલાક ફોજદારી કેસ પાછા ખેંચવામાં આવે અને તેના બદલામાં રિફંડ સ્વીકારવામાં શું સમસ્યા છે.

## તંત્રી સ્થાનેથી...

# અનામતના આંકડા

*પ્રમોશનમાં અનુસૂચિત જાતિ-જનજાતિને અનામતને લઈને સુપ્રીમ કોર્ટે પોતાના બહુપ્રતીક્ષિત ચુકાદામાં જે મંતવ્ય વ્યક્ત કર્યું કે અનામત પહેલાં યોગ્ય પ્રતિનિધિત્વના આંકડા એકઠા કરવા જરૂરી છે અને પ્રતિનિધિત્વ વિશે એક નક્કી સમય મર્યાદામાં સમીક્ષા થવી જોઇએ તે સમયની માંગને અનુરૂપછે. જો અનામતની વ્યવસ્થા કરવામાં આવી છે તો પછી એ પણ જોવું પડશે કે તેનો લાભ સંબંધિત વર્ગોને યોગ્ય રીતે મળી રહ્યો છે કે નહીં? તેની સાથે સાથે એ પણ જોવાની જરૂર છે કે જે સમાજમાં ખરેખર પછાત-વંચિત વર્ગો છે, તેમને સરકારી સેવાઓ અથવા શિક્ષણમાં યોગ્ય પ્રતિનિધિત્વ મળે. આ જોવું એટલા માટે જરૂરી છે, કારણ કે સતત એ પ્રકારની ફરિયાદો મળી રહી છે કે અનામત પદોમાં જરૂરી ભરતીઓ નથી થઈ રહી. એવું કેમ છે તેનાં કારણોના મૂળ સુધી જવાની જરૂર છે, જેથી આ પ્રકારની ફરિયાદો અટકે અને સંબંધિત વર્ગોને તેનો આભાસ થાય કે સામાજિક ન્યાયની દિશામાં નિરંતર યોગ્ય રીતે કાર્ય થઈ રહ્યું છે.*

*એ વારંવાર કહેવાઈ ચૂક્યું છે કે જ્યાં સુધી સમાજમાં અસમાનતા છે અને શોષિત-વંચિત વર્ગોનું શિક્ષણ અને સરકારી સેવાઓમાં યોગ્ય પ્રતિનિધિત્વ નથી ત્યાં સુધી અનામતની વ્યવસ્થા યથાવત રહેવી જોઇએ, પરંતુ તેની સાથે જ સમયે સમયે તેની સમીક્ષા પણ થવી જોઇએ કે જે ઉદ્દેશ્યો માટે આ વ્યવસ્થાનું નિર્માણ કરવામાં આવ્યું હતું તેની પૂર્તિ થઈ રહી છે કે નહીં? એ જ રીતે એ પણ જોવાની જરૂર છે કે અનામતની વ્યવસ્થાથી કયા વર્ગોને કેટલો લાભ મળે છે? આ બધાની સમીક્ષા કરવામાં વાંધો ન હોવો જોઇએ, કારણકે જો સમીક્ષા યોગ્ય રીતે થશે તો અનામતની વ્યવસ્થામાં સુધાર કરવામાં સહાયતા મળશે. કોઈપણ વ્યવસ્થા બદલાવ વિના અનંત કાળ સુધી ચાલુ ન રહી શકે. જે લોકો અનામતની સમીક્ષાની ચર્ચા માત્રાથી ભડકી જાય છે કે દુષ્પ્રચાર કરવા લાગે છે તેમણે પણ એ વિચારવું પડશે કે કોઈ વ્યવસ્થાની સમયે સમયે સમીક્ષા એ વ્યવસ્થાના હિતમાં જ હોય છે. અનામતની વ્યવસ્થાની સમીક્ષા અને તેમાં સુધાર-બદલાવ એટલા માટે પણ આવશ્યક છે, કારણ કે સમયની સાથે સરકારી સેવાઓમાં અવસર સીમિત થઈ રહ્યા છે અને શિક્ષણ-રોજગારના નવા પરિદ્દશ્ય ઉભરી રહ્યા છે. બહેતર રહેશે કે નીતિ-નિયંતા એના પર દયાન આપે કે અનામત જેવા ઉપાયને બદલાતી પરિસ્થિતિ અને ભાવિ પડકારોની દૃષ્ટિએ કેવી રીતે આગળ વધારવામાં આવે જેનાથી વાસ્તવિક કમજોર-વંચિત વર્ગોને યોગ્ય અર્થમાં લાભ મળે અને જે વર્ગોમાં તેના પ્રત્યે એક પ્રકારનો અસંતોષનો ભાવ છે તેમની ચિંતાઓનું પણ સમાધાન છે. એ ત્યારે થશે જ્યારે અનામતની વ્યવસ્થા પર રાજકીય હિતચિંતનને બાજુ પર રાખીને નીર-ક્ષીર રીતે વિચાર-વિમર્શ કરવામાં આવશે. અનામત ન્યાયપૂર્ણ હોય એ જરૂરી છે. ક્રીમી લેયરની નોંધ લેવી પણ જરૂરી છે. પરંતુ તમામ સરકારો ક્રીમી લેયરને છંછેડવા નથી માંગતી અને અનામત દ્વારા સમાજમાં સમતા પેદા કરવાને બદલે અનામતનું રાજકારણ જ રમી રહી છે. આઝાદીનાં ૭૫ વર્ષ પછી પણ વંચિત સમુદાયોને સમાન પ્રતિભાના સ્તર પર નથી લાવી શકાયા તો તે વ્યવસ્થામાં મોટી ખામી છે.*

# હનુમાન ચરિત્રઃરામ દુઆરે તુમ રખવારે..

સંતવાણીમાં કહ્યું છે કેઃ

સંત બડે ભગવંતસે કહ ગયે સંત સુજાન,

સેતુ બાંધ શ્રી રામ ગયે, લાંઘ ગયે હનુમાન.

પરંતુ હનુમાનજીના માટે તો એટલું જ કહેવામાં આવ્યું છે કેઃ ×રામ દુઆરે તુમ રખવારે,હોત ન આજ્ઞા બિનું પૈસારે..× એટલે કેઃ હે હનુમાનજી..! આપ રામ દ્વારા ઉપર પ્રહરી બનીને ઉભા રહો છો.આપની આજ્ઞા વિના કોઇનો પણ રામ દ્વારમાં પ્રવેશ થઇ શકતો નથી.આ પંક્તિમાં ઘણું મોટું રહસ્ય છે.ઘરના દ્વાર ઉપર પ્રહરી હોય તો તેમની આજ્ઞા વિના ઘરમાં પ્રવેશ કરી શકાતો નથી,પરંતુ અહીયાં તો ઘરના દ્વાર ઉપર નહી પરંતુ રામના દ્વાર ઉપર પ્રહરીના રૂપમાં હનુમાનજી ઉભા છે એટલે તેમની આજ્ઞા વિના રામ(અવિનાશી બ્રહ્મ)માં પ્રવેશ થઇ શકતો નથી.

ભગવાન શ્રી કૃષ્ણ ભગવદ્ ગીતામાં કહે છે કેઃ×તું મારામાં મનને સ્થિર કર અને મારામાં જ બુધ્ધિને જોડ,આ પછી તું મારામાં જ નિવાસ કરીશ એમાં લેશમાત્ર સંશય નથી.× એટલે કેઃ ભગવાનમાં વાસ કરવાનો છે તેમના ઘરમાં નહી એટલા માટે તો ભગવાનનું વિશ્વ વિખ્યાત નામ ×વાસુદેવ× છે જેનો અર્થ કરતાં આદિ શંકરાચાર્યજીએ કહ્યું છે કેઃ ×જેમાં સમગ્ર સૃષ્ટિ વાસ કરે છે તે વાસુદેવ છે.× આમ પણ ભગવાન અને ભગવાનનું ઘર બન્ને અલગ અલગ નથી કારણ કેઃ ભગવાને સ્વંયમ કહ્યું છે કેઃ ×તે પરમ પદને સૂર્ય,ચંદ્રમા કે અગ્નિ પણ પ્રકાશિત કરી શકતા નથી અને જે પરમ પદને પામીને મનુષ્યો પાછા સંસારમાં આવતા નથી તે જ મારૂં પરમધામ છે.× એટલે કેઃ જ્યાં સૂરજ,ચંદ્રમા,તારાઓ,અગ્નિ..વગેરે(નવ દ્વારો) નથી ત્યાં નિરાકાર પ્રભુનું દશમું દ્વાર છે અને તેમાં જ ભક્તો રહે છે. આ રામમાં પ્રવેશ કરવા માટે હરિભક્ત કે હરિજનની કૃપા અનિવાર્ય છે,એટલા માટે જ કબીરજીએ કહ્યું છે કેઃ

×હરિસે જનિ તૂં હેત કર, હરિજનસે કર હે,

ધન દૌલત હરિ દેત હૈ, હરિજન હરિ હી દેત.×

એટલે કેઃ હે જીજ્ઞાસુ જીવ..! તું હરિથી નહી પરંતુ હરિજન(પ્રભુ ભક્ત) સાથે પ્રેમ કર કારણ કે હરિ તો ધન દૌલત, ભૌત્તિક સંપત્તિ આપશે જ્યારે હરિના ભક્તો તો હરિને જ આપે છે.



હનુમાનજી પ્રભુના પરમ પ્રિય ભક્ત હતા એટલે તેમના માટે કહેવામાં આવ્યું છે કે આપ જેવા ભક્ત જ પ્રભુના દ્વારપાળ છો અને આપની આજ્ઞા વિના કોઇ પ્રભુ પરમાત્મામાં પ્રવેશ કરી ભક્ત બની શકતો નથી. જ્ઞાની તો પ્રભુને જાણે છે પરંતુ ભક્ત તો તેમનામાં નિવાસ કરે છે. જડ ચેતનમય સમગ્ર સૃષ્ટિને બ્રહ્મદ્રષ્ટિએ જોનાર ભક્ત માટે નારદભક્તિ સૂત્રમાં કહ્યું છે કે ×પ્રેમી ભક્ત પ્રેમને જ જુવે છે,પ્રેમને જ સાંભળે છે, પ્રેમને જ ખાય છે અને પ્રેમને જ સાંભળે છે.×

બ્રહ્મજ્ઞાનીઓનું ભોજન જ્ઞાન છે.આવા જ અનન્ય ભક્ત હનુમાનજી હતા કે જેમને રામને હદયમાં વસાવીને સર્વત્ર રામનાં જ દર્શન કરતા હતા.અંદર પણ રામ અને બહાર પણ રામ.. સર્વત્ર રામ જ રામ.. નિરાકાર પણ રામ અને સકળ સંસારના તમામ જડ ચેતનમાં પણ રામ.. તમામને રામરૂપ જાણીને તમામના ભલા માટેની કામના અને તમામના પ્રત્યે દાસ્યભાવ એ જ અનન્ય ભક્તિનું વાસ્તવિક સ્વરૂપ હનુમાનજીમાં જોવા મળે છે.

અહી પ્રશ્ન એ થાય કે આવા ભક્ત કે જે તમામની ભલાઇના માટે જ કામના કરે છે તો હનુમાનજીએ અક્ષયકુમાર વધ.. અશોકવાટિકાના માળીઓ સાથે મારપીટ કરી.. લંકાદહન.. વગેરે કાર્યો કેમ કર્યા..? એનો જવાબ એ છે કેઃ તેઓ સમવર્તન કે વિષમવર્તનનો આગ્રહ રાખતા નથી પરંતુ તેઓ તમામની સાથે યથાયોગ્ય વર્તન કરતા હોય છે. પોતાના પ્રભુના કાર્યો (સેવા) કરવા માટે તેઓ કાળનો સામનો કરતાં પણ ખચકાતા નથી. આ વાતને આપણે એક ઉદાહરણથી સમજીએ.. એક ગુલાબની ડાળખી આપણને મળી. તેનામાં કાંટા, ફુલ અને પાન ત્રણેય છે. આ ત્રણેયને આપણે ગુલાબ જ જાણીએ છીએ કારણ કે ત્રણેય ગુલાબનાં જ અંગ છે એટલે ત્રણેયમાં આપણે ગુલાબને જોઇને સમદર્શન કરીએ છીએ પરંતુ વર્તનના સમયે આપણે ફુલને ફુલદાનીમાં સજાવીએ છીએ, પાનને કચરાપેટીમાં તથા કાંટાઓને ક્યાંક દૂર ફેકી દઇએ છીએ કે જેથી આવતા જતા કોઇ પથિકને વાગી ન જાય. આ છે યથા યોગ્ય વર્તન.. ભક્ત પણ આમ જ કરે છે અને હનુમાનજીએ પણ આમ જ કર્યું હતું. તેમના માટે પ્રભુની આજ્ઞા જ સર્વોપરી હતી અને આવા ભક્તો જ રામના દ્વારના રખેવાળ હોય છે અને તેઓ જેની પર કૃપા કરે છે તેને રામની સાથે મિલાવી દે છે. સાકાર રામે પણ પોતાના પતિના મૃત્યુંના સમયે વિલાપ કરતી વાલી પત્ની તારાને અવિનાશી રામની સાથે મિલાવીને કહ્યું કેઃ

×ક્ષિતિ જલ પાવક ગગન સમીરા પંચ રચિત અતિ અધમ શરીરા.× એટલે કેઃ હે તારા ! પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ.. આ પાંચ તત્વોથી બનેલું આ શરીર અત્યંત અધમ એટલે કે અપવિત્ર છે. આ શરીર ક્યાંય ગયું નથી તારી સામે જ પ્રત્યક્ષ પડેલું છે. છતું આત્મ તત્વ (નિરાકાર બ્રહ્મ) અજર, અમર અને અવિનાશી છે અને સર્વત્ર વિરાજમાન છે તો પછી તૂં કોના માટે શોક કરી રહી છે ?

×ઉપજા જ્ઞાન ચરણ તબ લાગી,

લિન્હેસિ પરમ ભગતિ બર માંગી×

તારાને જ્યારે આત્મજ્ઞાન થઇ ગયું ત્યારે રડવાનું બંધ થઇ ગયું અને ભગવાનના ચરણનો સ્પર્શ કર્યો. જ્ઞાન થઇ જાય તો ચરણસ્પર્શ કરવામાં સંકોચ થતો નથી. તારાએ પણ અનન્ય ભક્તિનું વરદાન માંગ્યું તો ભગવાને તેને અવિરલ ભક્તિનું દાન આપ્યું. ભક્ત એ જ ભગવાનના દ્વારપાળ છે અને તેઓ જ સુપાત્ર જિજ્ઞાસુઓને પ્રભુ પરમાત્માનો સાક્ષાત્કાર કરાવી દે છે એટલે જ તો હનુમાનજીના માટે કહેવામાં આવ્યું છે કેઃ

રામ દુઆરે તુમ રખવારે,

હોત ન આજ્ઞા બિનું પૈસારે.

ઘણીવાર કેટલાક લોકો પ્રશ્ન પુછે છે કે ×અવિનાશી નિરાકાર બ્રહ્મને તો તેમની કૃપાથી જ જાણી શકાય છે, સાકાર તો માયા છે એટલે સાકાર માયાથી નિરાકાર બ્રહ્મને કેવી રીતે જાણી શકાય..? તેનો જવાબ એ છે કે જેવી રીતે ધરતી ઉપર પડેલા વ્યક્તિનો સહારો લીધા વિના ઉઠાવી શકાતો નથી, તેવી જ રીતે માયામાં પડેલા જીવને પણ માયાનો સહારો લઇને જ બ્રહ્મ સુધી પહોંચાડી શકાય છે એટલે સાકાર સદગુરૂના માધ્યમથી જ નિરાકાર બ્રહ્મની ભક્તિ અને જ્ઞાન ઉપલબ્ધ થાય છે. તમામ સંતોનો.. ગ્રંથોનો એ જ મત છે કેઃ ×ગુરૂ બિન ગત નહી,સાહ બિન પત નહિ× જેમ નિરાકાર વિધુત(વિજળી)ની હાજરી (જ્ઞાન) સાકાર ટેસ્ટરથી જ જોઇ શકાય છે. સાકાર શરીરમાં રહેલો નિરાકાર તાવ સાકાર થર્મોમીટરથી જ જોઇ શકાય છે, તેવી જ રીતે સાકાર સંસારમાં સર્વત્ર રહેલા નિરાકાર પ્રભુ પરમાત્માને પણ સદગુરૂ પ્રદત્ત જ્ઞાનદ્રષ્ટિથી જોઇ શકાય છે. આવી જ રીતે હનુમાનજી, અંગદજી.. વગેરે એ સાકાર સદગુરૂ રૂપ રામજીના દ્વારા જ બ્રહ્મદર્શન કરીને અવિરલ ભક્તિ પ્રાપ્ત કરી હતી અને સમર્પિત થઇને ભગવાન રામને કહ્યું કેઃ

તુમ મોરે પ્રિય ગુરૂ પિતુ માતા,

જાઉં કહાં તજિ પદ જલદાતા.

એટલે કે હે રામ ! આપ જ અમારા પ્રિય ગુરૂ, માતા અને પિતા છો. હું આપના ચરણકમલોને છોડીને ક્યાં જાઉં..? એટલે હનુમાનજી જેવી અવિરલ ભક્તિ પ્રાપ્ત કરવા માટે સમકાલિન સદગુરૂ(અવતારી પુરૂષ)ની શરણાગતિ લેવી પડે છે,તેના વિના કોઇ અન્ય ઉપાય નથી,કારણ કેઃઆત્મદર્શી સંત જ રામ દ્વારના દ્વારપાળ હોય છે.

વિનોદભાઇ માછી નિરંકારી

નવીવાડી,તા.શહેરા,પંચમહાલ

૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# ગુજરાતની એકમાત્ર હોસ્પિટલ જ્યાં કેન્સરના દર્દીની રોબોટ દ્વારા થાય છે રેડિયોથેરાપી સારવાર !

દર્દીને ટેબલ પર સૂવડાવી દેવામાં આવ્યો છે. સારવાર રૂમમાં કોઇ જ માણસ નથી. ત્યાંથી એક મશીન દર્દીની સમીપે આવતું જાય છે . તેના શરીરના જે ભાગ પર કેન્સરનું ટ્યુમર(ગાંઠ) છે તેનું નિદાન કરી રહી છે આ મશીન....વળી આ મશીન તો ૩૬૦ ડિગ્રી ફરીને દર્દીના સુક્ષ્મ ગાંઠની સારવાર કરવાની શરૂઆત પણ કરી દીધી.....ગામડેથી આવેલો આ દર્દી ત્યાં પૂછે છે ડૉક્ટર ક્યાં છે? ત્યારે તેને ખબર પડે છે કે આ તો 'રોબોટ' છે !!! તાજેતરમાં જ રાજયના આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલના હસ્તે અમદાવાદ સિવિલ મેડિસીટી કેમ્પસ સ્થિત જી.સી.આર.આઇ. કેન્સર હોસ્પિટલમાં સાઇબર નાઇફ સહિતના અન્ય અધત્તન સુવિધા યુક્ત રેડીયોથેરાપી મશીનોનો દર્દીઓના હિતાર્થે પ્રારંભ કરાવવામાં આવ્યો છે.

જેમાંથી અંદાજીત ૪૫ કરોડના ખર્ચે વિકસાવેલું સાઇબર નાઇફ મશીન કેન્સરગ્રસ્ત દર્દીઓની સારવારમાં અત્યાધુનિક માનાવામાં આવે છે. આ પ્રકારનું રોબોટિક મશીન વિકસાવનારી જી.સી.આર.આઇ. હોસ્પિટલ રાજ્યમાં પ્રથમ છે. આ રોબોટિકની ખાસિયત એ છે કે, કેન્સરગ્રસ્ત ટ્યુમરની સાથો સાથો સામાન્ય પ્રકારના ૫ મી.મી. થી ૩ સે.મી. સુધીની કદના સામાન્ય ટ્યુમરનું પણ સચોટ નિદાન કરીને તેની સારવાર સાયબર નાઇફ નામના રોબોટિક મશીન થી કરી શકાય છે.

આવો જાણીએ સાયબર નાઇફ - રોબોટ કેવી રીતે કાર્ય કરે છે ?

કેન્સરગ્રસ્ત દર્દી કે જેને રેડિયોથેરાપી તકનીક દ્વારા રેડિએશન આપવાની જરૂરિયાત ઉદ્ભવે છે. તેવા પ્રકારના દર્દીઓ માટે સાયબર નાઇફ – રોબોટ આશીર્વાદ રૂપ છે. કેન્સરગ્રસ્ત દર્દી માટે જ્યારે રેડિએશનના ડોઝ નક્કી કરવામાં આવે છે ત્યારે સામાન્ય પ્રકારના મશીનમાં કેન્સરગ્રસ્ત ભાગ સિવાયના અન્ય ભાગ ઉપર પણ આ ડોઝની અસર થવાની સંભાવાનાઓ રહેલી હોય છે.

જ્યારે સાયબર નાઇફ મશીન દ્વારા કેન્સરગ્રસ્ત ભાગ પર જ લક્ષ્ય સાધીને રેડિયોથેરાપીના ડોઝ આપવામાં આવે છે. જેના કારણે શરીરની અન્ય ટીસ્યુ(પેશીઓ) ઉપર આડઅસરની સંભાવનાઓ નહીવત બને છે.

આ સારવારને સુવ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવે છે. જેમાં સૌપ્રથમ રેડિયોથેરાપીની જરૂરિયાત ધરાવતા દર્દીના ચહેરાના માપનું સિટી સિમ્યુલેટરની મદદથી ઓરફિટ બનાવવા માટે દર્દીના ચહેરાનું માપ લેવામાં આવે છે. ત્યારબાદ ટ્રીટમેન્ટ પ્લાનીગ સિસ્ટમ દ્વારા સમગ્ર સારવાર અને ઓરફિટ તૈયાર કરીને બે દિવસ ના અંતરાલ બાદ દર્દીને રેડિયોથેરાપી માટે બોલાવવામાં આવે છે.

દર્દીને સાયબર નાઇફ ટ્રીટમેન્ટમાં રૂમમાં મૂકવામાં આવેલ ટેબલ પર સૂવડાવીને કોમ્પ્યુટર દ્વારા નક્કી કરવામાં આવેલ ડોઝ સેટ કરીને દર્દીના ચહેરા પર ઓરફિટ પહેરાવીને રોબોટિક દ્વારા સમગ્ર થેરાપીની શરૂઆત કરવામાં આવે છે. સાઇબર નાઇફની સારવાર અડધા થી પોણા કલાક સુધી ચાલે છે. જેમાં રોબોટ ૩૬૦ ડિગ્રી રોટેશન કરીને કેન્સરગ્રસ્ત ભાગ પર સચોટ રીતે સારવાર કરે છે.

આ સારવાર પધ્ધતિને સ્ટીરીયોટેક્ટિક રેડિયો સર્જરી તરીકે ઓળખવામાં આવે છે. સામાન્યતઃ અન્ય સર્જરીમાં કાપકૂપ કરીને સર્જરી કરવામાં આવે છે જ્યારે રેડિયો થેરાપી સર્જરીમાં કોઈપણ પ્રકારના શસ્ત્રક્રિયાની જરૂર પડતી નથી. મગજ કે શરીરના અન્ય ભાગમાં ૫ (પાંચ) મી.મી. થી ૩ સે.મી. જેટલી સાદી કે કેન્સરની ગાંઠ ની સારવાર કરવા ઉપયોગી છે.ઘણી વખત કેન્સરગ્રસ્ત કિડની, લીવર, ફેફસાના ભાગમાં સર્જરી શક્ય ન હોય તેવા ભાગમાં સર્જરીના વિકલ્પ રૂપ આ રોબોટિક મશીનના ઉપયોગથી રેડિયોથેરાપીના શેક આપીને સારવાર કરી શકાય છે.

અગાઉ એક્સ નાઇફ પ્રકારનું મશીન આ સર્જરી માટે કાર્યરત હતું.જેમાં દર્દીના માથાના ભાગમાં ફ્રેમ ફીટ કરવામાં આવતી હતી. સાઇબર નાઇફમાં ફ્રેમ લેશ પધ્ધતિનો અભિગમ અપનાવી કોમ્પ્યુટરાઇઝ ચહેરાના માપનું ગાર્ડ બનાવીને સારવાર હાથ ધરવામાં આવે છે.

જી.સી.આર.આઇ.માં સારવાર અર્થે આવતા કેન્સર કુલ દર્દીઓના ૭૦ ટકા દર્દીઓને રેડિયોથેરાપી સારવાર આપવામાં આવે છે. જેનાથી કેન્સરને મટાડી પણ શકાય અને આગળ વધતુ અટકાવી પણ શકાય. સ્ઝ્રૈં માં વર્ષ ૨૦૨૧ દરમિયાન રેડિયોથેરાપીના ૫૩૫૬ સેશન આપવામાં આવ્યા છે.

એક અંદાજ પ્રમાણે વિશ્વમાં અંદાજીત ૨૫૦ અને ભારતમાં ૮ જેટલા સાયબર નાઇફ મશીન કેન્સરગ્રસ્ત દર્દીઓની સારવારમાં ઉપલબ્ધ છે તેમ જી.સી.આર.આઇ.ના તબીબો જણાવે છે.

-અમિતસિંહ ચૌહાણ

નોંધ :- કેન્સર :જ્ઞાન શ્રેણીના ત્રીજા અને અંતિમ ભાગમાં વાંચો – દેશમાં વર્ષ ૨૦૨૦માં ૬૯૬૬૦ કેસ નોંધાયા ત્યારે ગુજરાતમાં કેન્સરનું ચિત્ર શું? ગુજરાત રાજ્યની કેન્સર સામેની લડતમાં સતર્કતા અને કટિબધ્ધતા.

# પોલીસ સેવાને વધુ સરળ બનાવવા માટે ખરીદી કરેલા ટુ-વ્હીલર-બોલેરો ગાડી મળી કુલ- ૯૪૯ વાહનોનું ગૃહરાજયમંત્રીશ્રી હર્ષસંઘવીના હસ્તે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યા




ગાંધીનગરઃ બુધવારઃ

દેશભરમાં કાયદો-વ્યવસ્થાની બાબતમાં ગુજરાત રાજય પ્રથમ નંબરે છે. આ વાતનો જશ પોલીસ અધિકારીઓ – કર્મયોગીઓને જાય છે. શાંતિ ઝંખતી ગુજરાતની ખમીરવંતી પ્રજા હમેંશા રાજય પોલીસના પડખે રહી છે, તેવું આજરોજ ગાંધીનગર ખાતે પોલીસ વિભાગ દ્વારા પોલીસ સેવાને વધુ સરળ બનાવવા માટે ખરીદી કરેલા ટુ- વ્હીલર – બોલેરો ગાડી મળી કુલ- ૯૪૯ વાહનોને લીલીઝંડી આપી ગાંધીનગર ખાતેથી પ્રસ્થાન કરાવી ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું. ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ વધુમાં ઉમેર્યું હતું કે, પોલીસ વિભાગ દ્વારા રાજયના ૪ મહાનગરો ખાતે જરી ટીમ કાર્યરત કરવામાં આવી છે.જરી ટીમના દ્વારા અનેક વડીલો અને મહિલાઓ માટે માનવતાને ઉજાગર કરતા કાર્યો કરવામાં આવ્યા છે. તેમના આ ઉમદા કાર્યોને વધુ વેગમાન બનાવવા માટે આ ટીમને ૬૮ બોલેરો ગાડી આપવામાં આવી છે. ગૃહ રાજય મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આફત અને કોરોના કાળમાં પોલીસ જવાનોએ પોતાની ફરજ ખૂબ જ નિષ્ઠાથી બજાવે છે. ગુજરાતમાં શાંતિ – સલામતી માટે કોઇપણ કચાસ ન રાખવા માટે સરકાર કટિબધ્ધ છે.

ગુજરાત પોલીસના ઉપયોગ માટેના પ્રેટ્રોલ કાર,સી- ટીમ વાન, પી.સી.આર. વાનઅને મોટરસાયકલ મળી કુલ- ૯૪૯ વાહનોનું આજે ગાંધીનગરના સચિવાલય સંકુલ ખાતે આવેલા હેલિપેડ ખાતેથી ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવી ના હસ્તે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યા હતા.

આ વાહનો વિવિધ જિલ્લામાં ફાળવવામાં આવ્યા છે. હવે, એક જ દિવસમાં રાજયના પોલીસ વિભાગની સેવાને વધુ ઝડપી બનાવવા માટે ૯૪૯ વાહનોનો ઉમેરો થયો છે. જેમાં પોલીસ વિભાગમાં ફરજ બજાવતી મહિલાઓની કામગીરીમાં સરળતા લાવવા માટે ૧૦૦ સ્કુટર આપવામાં આવ્યા છે. તેમજ પોલીસ જવાનોની ટ્રાફિક, તપાસણી અને અન્ય કામગીરી માટે ૨૯૮ આધુનિક બાઇક આપવામાં આવ્યા છે. તેમજ ૪ મહાનગરોમાં કાર્યરત જીરીટીમ માટે ૬૮ બોલેરો આપવામાં આવી છે. તેમજ ૫૫ પી.સી.આર.વાન અને શહેર- જિલ્લાના કાર્યક્ષેત્ર હેઠળ ધોરીમાર્ગોની સલામતિ જેવી કે, માર્ગ અકસ્માત, ટ્રાફિક જામ,નાગરિકોની સુરક્ષા અને ગ્રામ્ય વિસ્તારોની સુરક્ષા માટે ૪૦૦ પેટ્રોલ વાન આપવામાં આવી છે. તેમજ પોલીસ અધિકારીશ્રીઓના કાર્યોની સરળતા માટે ૨૮ ઈનાવો ગાડી આપવામાં આવી છે.આ ફલેગ ઓફ સમારંભમાં ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજ કુમાર, રાજય પોલીસ વડા શ્રી આશિષ ભાટિયા એડીશનલ ડી.જી.પી. શ્રી નરસિમ્હા કોમાર, રેન્જ આઇ.જી. શ્રી અભય ચુડાસમા, ગાંધીનગર જિલ્લા પોલીસ વડા શ્રી મયૂર ચાવડા સહિત આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# પાલનપુરની કોર્ટે ચેક રીટર્ન કેસમાં મહીલાને એક વર્ષની કેદની સજા ફટકારી.

બનાસકાંઠા બ્યુરો

રિપોર્ટ : દીલીપ ગોહીલ

પાલનપુરમાં ચેક રીર્ટન કેસમાં મહીલાને એક વર્ષની કેદ થઇ હતી. ૩૦ દિવસમાં ચેકની રકમ રૂ. ૧,૦૭,૭૦૦ ન ચૂકવે તો વધુ ૬ માસની સજાનો હુકમ કર્યો હતો.

આ અંગેની વિગત મુજબ પાલનપુરમાં સરકારી વસાહતમાં રહેતાં આશાબેન ચેતનકુમાર રાવલે ધી અન્નપૂર્ણા મહીલા ક્રેડીટ કમ કન્ઝયુમર્સ કો. ઓપ. સોસાયટી પાલનપુરમાંથી લોન લીધી હતી. જેના હપ્તાની ચૂકવણી માટે આપેલો રૂ. ૧,૦૭,૭૦૦ નો ચેક રીર્ટન થયો હતો.

આ અંગેનો કેસ પાલનપુરની બીજી એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ચાલી જતાં ન્યાયાધીશ જી. એસ. દરજીએ ફરિયાદીના વકીલ દીપક પુરોહીતની દલીલો ગ્રાહ્ય રાખી આરોપી આશાબેન રાવલને એન. આઇ. એક્ટની કલમ-૧૩૮ ના ગુનામાં એક વર્ષની સાદી કેદની સજા અને જો ૩૦ દિવસમાં ચેકની રકમ રૂ.૧,૦૭,૭૦૦ ન ચૂકવે તો વધુ ૬ માસની સજાનો હુકમ કર્યો હતો.

# હિન્દ મહાસાગરમાં 'મરીન હીટવેવ'થી ચોમાસા પર પ્રભાવ

મુંબઈ,તા.૨

હિન્દ મહાસાગરમાં ૧૯૮૦ના વાયકાથી મરીન હીટવેવની સંખ્યા તથા તીવ્રતામાં વધારાતી ભારતીય ચોમાસાને અસર થતી હોવાનું મહત્વનું તારણ નવા અભ્યાસ પરથી નિહાળ્યું છે.

હિન્દ મહાસાગરના પશ્ચિમી ભાગ તથા બંગાળની ખાડીમાં મરીન હીટવેવની સંખ્યા તથા તીવ્રતામાં સૌથી મોટો વધારો થયો છે તેને કારણે આ ક્ષેત્રમાં માછીમારી ઉપરાંત ચોમાસા પર પણ વ્યાપક પ્રભાવ હોવાનો ખુલાસો થયો છે. આ કારણે મધ્ય ભારતમાં વરસાદની માત્રા વધી છે. જ્યારે દક્ષિણ પેનિનસુલામાં વધી છે. અલનીનો તથા દરિયાઈ તાપમાનમાં વધારાથી હીટવેવમાં વૃધ્ધિ થઈ છે.

અભ્યાસમાં એવું બહાર આવ્યું છે કે, પશ્ચિમી હિન્દ મહાસાગરમાં ૧૯૮૨થી ૨૦૧૮ના સમયગાળામાં હીટવેવ ઘટનાક્રમોમાં ચાર ગણી વૃધ્ધિ થઈ છે. હીટવેવની કુલ ૬૬ ઘટના બની હતી. ઉત્તરીય બંગાળની ખાડીમાં હીટવેવનું પ્રમાણ બેથી ત્રણ ગણું વધ્યું હતું અને ૯૪ ઘટના બની હતી. દરિયાઈ તાપમાન પાંચ કે તેથી વધુ દિવસ નોર્મલથી અધિક રહેવાના સંજોગોમાં મરીન હીટવેવ ગણવામાં આવે છે. જમીન પર એકાએક જે રીતે તાપમાન વધે છે તે જ રીતે સમુદ્રમાં પણ વધી જાય છે. વિજ્ઞાનીઓએ જો કે દરિયાઈ તાપમાન ચકાસવાનું છેલ્લા થોડા વર્ષોથી જ શરૂ કર્યું છે.પુના સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટ્રોપીકલ મીટરોલોજીના રોકસી મેથ્યુ કોલના વડપણ હેઠલ કરાયેલા અભ્યાસમાં એવું માલુમ પડયું છે કે, હિન્દ મહાસાગરનું તાપમાન અન્ય મહાસાગરોથી વધુ વધ્યું છે. ૧૯૫૧થી ૨૦૧૫માં દરિયાઈ સપાટીનું તાપમાન ૧ ડિગ્રી વધ્યું છે જે અન્યત્ર ૦.૭ ડિગ્રી વધ્યું છે.તેઓના કહેવા પ્રમાણે વધતા તાપમાનથી દરિયાઈ જીવસૃષ્ટિને માઠી અસર છે. મે ૨૦૨૦ના મરીન હીટવેવમાં મન્નારના અખાતમાં ૮૫ ટકા કોરલનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. અભ્યાસમાં એવું પણ બહાર આવ્યું છે કે, બંગાળની ખાડી કરતા પણ પશ્ચ્ચિમી હિન્દ મહાસાગરમાં મરીન હીટવેવની તીવ્રતા તથા સમયગાળો વધુ હતો. મધ્ય ભારતમાં આ કારણે વરસાદની માત્રા ઓછી થઈ છે. બીજી તરફ ઉત્તારિય બંગાળની ખાડીના હીટવેવથી દક્ષિણ ભારતમાં વરસાદનું પ્રમાણ વધી ગયું છે.

બંગાળની ખાડીમાં મે, જૂન અને ઓકટોબરમાં સૌથી વધુ હીટવેવ સર્જાયા હતા. આ સમયગાળામાં વાવાઝોડા પણ ઉદ્ભવતા હોય છે. હીટવેવની વાવાઝોડા ઉદ્ભવવા પર અસર હોય છે કે કેમ તે દિશામાં વધુ સંશોધનની જરૂર હોવાનું તેઓએ કહ્યું હતું.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No :- 0038

વિષય :- ગુજરાતી વાનગી રેસિપી

વિભાગ :-ગદ્ય

શીર્ષક :-ચીલની ભાજી

અમારા ગામમાં શિયાળામાં ચીલની ભાજી ને રોટલા
વધારે પ્રમાણમાં ખવાય છે.મને યાદ છે દાદા ખેતરેથી ચીલ વીણી લાવે અને દાદી એને ધોઈને એકએક પાનું ચૂંટીને બાફવા મૂકી દે.

વલોણા ની છાશ હોય અને મકાઈનો જાડો લોટ (ભડકું) હોય. છાશમાં પ્રમાણસર મકાઈનો લોટ ઓગાળી
ને બફાયેલી ચીલની ભાજી વધાર માં નાખી અંદર છાશ રેડી દેવાની. પછી લસણ, લીલામરચા અને આદુની પેસ્ટ
નાખી એને ઉકાળવાની. બરાબર તબળવા લાગે એટલે
ભાજી કઢી કરતા જાડી થાય.

ગરમાગરમ ભાજી સાથે ચુલે બનેલા રોટલા
ઉપર ઘી ગોળ લઈ ખાવાની મજા કઈક જુદીજ હોય છે.
અને હા ભાજી લગભગ માટીના વાસણમાં બનાવે. શહેરની મસાલેદાર વાનગીઓ અને ફાસ્ટફૂડ થી મન ભરાઈ ને પાછું ગામડા ની રસોઈ તરફ લલચાય છે.એ સ્વાદ ને એ દાદીના હાથની મીઠી રસોઈ યાદ આવી જાય.

શીલા પટેલ "આકાંક્ષા"

---

NOG SS NO. 60

વિષય : ખાના ખજાના

વાનગી : લીલાં લસણનો લાડવો.

લીલાં લસણનો લાડવો બનાવવા માટેની સામગ્રી.

૧. ૫૦૦ ગ્રામ લીલું લસણ

૨. ૭૦૦ ગ્રામ બાજરીનો લોટ.

૩. ૨૦૦ થી ૨૫૦ ગ્રામ જેટલું સીંગતેલ.

૪. મીઠું.

૫. દેશી નળિયાનો મોટો ટૂકડો.

પૂર્વ તૈયારીઃ લીલું લસણ છોલી, સાફ કરીને એકદમ બારીક સમારવું.

આ એકદમ ટ્રેડિશનલ વાનગી છે. તેને સીઝનલ વાનગી પણ કહી શકાય. તેનું કારણ એ કે લીલું લસણ શિયાળામાં જ મળતું હોય છે. તે ઉપરાંત લસણની તાસીર ગરમ હોવાથી તેનો ઉપયોગ શિયાળાનાં ભારે ઠંડા વાતાવરણમાં જ કરવો હિતાવહ છે. તો ચાલો, જોઈએ સ્વાદિષ્ટ ટ્રેડિશનલ વાનગી લીલાં લસણના લડવાની રીત.

પદ્ધતિઃ

પહેલાંનાં જમાનામાં ચૂલા, સગડી વગેરે ઉપયોગમાં લેવાતાં. જ્યારે હાલ આપણી પાસે માત્ર ગેસ સ્ટવ ઉપલબ્ધ હોઈ તેનો ઉપયોગ આપણે નળિયું તપાવવા માટે કરીશું.

ગેસનાં એક બર્નર પર નળિયાનાં ટૂકડાને તપવા મૂકી દો. ત્યારબાદ બીજાં બર્નર પરમાટીની તાવડી મૂકી રોટલા બનાવી લો. હવે એક મોટી, પહોળી અને થોડી ઊંડી કથરોટ લો. તેમાં વચ્ચે એક રોટલો મૂકો. તેની આસપાસ બીજાં રોટલાં પણ ગોઠવી દો. હવે વચ્ચેનાં રોટલા પર સમારેલાં લીલાં લસણની ઢગલી કરી દો. ત્યારબાદ તપીને લાલચોળ થઈ ગયેલું નળિયું તે લસણ પર મૂકો. એક નાની તપેલીમાં સીંગતેલ કાઢી લો. હવે એક હાથે નળિયા પર તેલ રેડીને બીજાં હાથ વડે કથરોટની સાઈડમાં ગોઠવેલાં રોટલાં નળિયા પર ઢાંકી દો.

એકથી બંને કામ ન થાય તો બીજાં વ્યક્તિની મદદ લઈ લેવી. તેલથી નળિયાનો ધૂંગારતી વખતે અને રોટલાં નળિયા પર ઢાંકતી વખતે દાઝી ન જવાય તેનું ખાસ ધ્યાન રાખવું.

ગરમ નળિયા પર તેલ રેડવાથી વરાળ નીકળશે તે વરાળ રોટલાની અંદર રહી જવી જોઈએ. માટે તેલ રેડીને રોટલા વડે નળિયું ઢાંક્યા બાદ ત્રણ-ચાર મિનિટ માટે રોટલાને ટ્વિમ જ દબાવી રાખવા. પછી પાંચથી સાત મિનિટ બાદ તે નળિયું સાણસી વડે દૂર કરીને હાથ વડે રોટલાનો ભૂક્કો કરી નાંખવો. તેમાં સ્વાદ અનુસાર મીઠું ઉમેરી તેને સરસ મિક્સ કરી દેવું. ત્યારબાદ આ મિશ્રણનાં લાડવા વાળી લેવાં.

શિયાળુ ભટા રીંગણનો ઓળો, ગાજર-મરચાંનો સંભારો, ખીચિયા પાપડ, મગદાળ કે તુવેરદાળની ખીચડી, રાઈવાળા લીલાં મરચાં અને છાશ જોડે આ વાનગીને આરોગવાથી શિયાળાની ઓર મજા માણી શકાય છે અને બધી ઠંડી ઉડી જાય છે.

નળિયું ન મળે તો રોટલા લસણની ઢગલી કરી ઉકળતું તેલ નાંખીને પણ આ વાનગી બનાવી શકાય છે. બાકી બધું જ ઉપર બતાવેલ રીત પ્રમાણે કરવું. જો કે નળિયાના ધૂંગાર જેટલો ઓથેન્ટિક ટેસ્ટ તેમાં નથી આવતો.

આ વાનગી હું મારાં મમ્મી પાસેથી શીખી છું. આ લખવાને બહાને હું મારાં બાળપણનાં સ્વાદિષ્ટ સંસ્મરણો તાજાં કરી શકી.

અસ્તુ.

ભગવતી પંચમતીયા 'રોશની'

---

NOG SS NO- 0088

વિષય શબ્દ- વાનગી રેસિપી

પ્રકાર- ગદ્ય

શીર્ષક- કાલી રોટી - ધોલી દાલ

કેટલાંક મંદિર, મઠો કે ધાર્મિક મેળાવડાઓની મુલાકાત દરમિયાન જોઈએ છીએ કે સાધુ-સંતોને જમાડવાની પ્રથા હોય છે. આ ભોજનને સામાન્ય રીતે ભંડારો કહેવાય છે.

આવા જ એક ભંડારા દરમિયાન મેં.... "કાલી રોટી ધોલી દાલ કા ભંડારા હૈ.. માતાજી પ્રસાદ લેકે જાના" સાંભળ્યું ને કાંઇક નવું લાગ્યું. અને વિચાર્યું આ કેવું ભોજન હશે! અને જ્યારે ભોજન પીરસાયું ત્યારે રહસ્ય ખુલ્યું.. આ માલપુઆ સાથે બાસુંદી કે દૂધપાકના ભોજનની વાત હતી.

સાધુ-સંતોનું પ્રિય ભોજન ચાલો આપણે સૌ જાણીએ... માલપુઆ

માલપુઆની સામગ્રી :-

૧ ઘઉંનો લોટ (સાદો) એક વાટકી

૨ ગોળ અડધી વાડકી

૩ મરી ૧૦-૧૨ નંગ

૪ વરિયાળી ૧ નાની ચમચી

૫ દહીં ૨ ચમચી

૬ ખાવાનો સોડા બે ચપટી

૭ ઈલાયચી પાવડર અડધી ચમચી

૮ તળવા માટે ઘી/તેલ

૯ સજાવટ માટે બદામ પીસ્તાની કતરી

રીત

સૌપ્રથમ આશરે દોઢ વાડકી હુંફાળા પાણીમાં ગોળને ઓગાળી દો. તેમાં દહીં ઉમેરો. મરીને અધકચરા ખાંડી અને વરિયાળી મસળીને ઉમેરો. લોટને ધીમે ધીમે ગઠ્ઠા ના પડે તેમ હલાવતાં ઉમેરો. બે ચપટી ખાવાના સોડા ઉમેરી ખૂબ હલાવી ઢોંસાના ખીરા જેવું ખીરું તૈયાર કરો.

માલપુઆ ઉતારવા માટે ચાચર વપરાય પણ તેની અવેજીમાં ફ્લેટ નોનસ્ટીક પેન કે લોખંડ અથવા એલ્યુમિનિયમની કઢાઈ પણ ચાલે. કઢાઇમાં ઘી કે તેલ ગરમ થાય એટલે તેમાં ૧ નાની વાડકી કે ચમચાથી ખીરું રેડવું. મધ્યમ આંચ પર થવા દેવા.. એક બાજુ તળાઈને ઉપર આવે ત્યારે ચીપિયાથી તેને પલટાવીને કડક થવા દેવા. સરસ ગોળ જાળીદાર માલપુઆ ઉતરશે. સુશોભન માટે બદામ-પિસ્તાની કતરીને ઉપર ભભરાવી દેવી.

મસ્ત કઢીયેલ દૂધપાક, બાસુંદી કે રબડી સાથે ખાઈ શકાય. માલપુઆ વિવિધ રીતે પણ થાય છે. ઓછો ગોળ નાખ્યો હોય તો ઉપર મધ નાખીને ખાઈ શકાય અથવા દોઢ તારની ચાસણીમાં બોળીને બહાર કાઢી સુશોભન કરીને પણ ખવાય.

આ કાલી રોટી મતલબ માલપુઆ અને ધોલી દાલ એટલે દૂધપાક, રબડી કે બાસુંદીનું જે ગઠબંધન થાય તે તો મીઠાઈ પ્રેમીઓને ચોક્કસ નવાબી મિજબાની જ લાગવાની હો..

ડો. મનીષા વ્યાસ,અમદાવાદ

---

NOG SS No. : 0034

વિષય : ગુજરાતી વાનગી રસોઈ રેસિપી

શીર્ષક : ઘારી

સામગ્રીઃ

૨૫૦ગ્રા. મેંદાનો લોટ

૫૦૦ગ્રા. ઘી

પૂરણ માટેઃ

૨૫૦ગ્રા. મોળો માવો

૧૫૦ગ્રા. દળેલી ખાંડ/ (બુરું ખાંડ)

૧૦૦ગ્રા. બદામ

૧૦૦ ગ્રા. પિસ્તા

૧૫/૨૦ તાંતણા કેસર

પા ચમચી ઈલાયચી

જરાક જાયફળ

જરાક દૂધ

સૌ પ્રથમ મેંદાનાં લોટને ચાળી લો. તેમાં મૂઠ્ઠી પડતું ઘીનું મોણ નાંખીને લોટ બાંધી લો. દસેક મિનિટ એને ઢાંકીને મૂકી દો.

હવે પૂરણ માટે મોળા માવાને છીણી લો. ત્યારબાદ એક કડાઈમાં ધીમે તાપે તેને શેકી લો. એકદમ ઠંડુ કરી તેમાં દળેલી ખાંડ(બુરું ખાંડ) ઉમેરો. ત્યારબાદ પિસ્તા અને બદામને મિક્ષરમાં અધકચરા પીસીને માવામાં ઉમેરો. દૂધમાં પલાળેલું કેસર ઉમેરો. ઈલાયચી પાવડર પણ ઉમેરો.બધું સરખું મિક્સ કરી ત્યારબાદ તેમાંથી નાનાં નાનાં પેંડા જેવા ગોળ ઘારીનાં શેપમાં લુઆ બનાવવા. મોલ્ડ હોય તો એનાથી પણ બનાવી શકાય.

હવે મેંદાનાં લોટની નાની અને એકદમ પાતળી પૂરી બનાવી, કિનારીએ પાણીવાળો હાથ ફેરવી દેવો. ત્યારબાદ માવાનાં બનાવેલ પેંડો મૂકી કચોરીની જેમ સરખું બંધ કરી દેવું. આવી રીતે બધી ઘારી તૈયાર કરી લેવી.

હવે એક કડાઈમાં ઘી ગરમ કરવું. ધીમે તાપે ઘારીને તળી લેવી. બધી એકસાથે ન નાંખવી. એક-બે જ નાંખવી. આછા ગુલાબી રંગની તળવી.

ઘારીને ત્રણ-ચાર કલાક ઠરવા દેવી. ત્યાં સુધીમાં એક કડાઈમાં થોડું ઘી ગરમ કરવું. ત્યારબાદ તેને ઠંડુ અને ઘટ્ટ કરવા માટે ગોળ ચમચાથી સતત હલાવવું. હવે આ ઘટ્ટ ઘી ઘારી ઉપર રેડવું. ત્યારબાદ તેની ઉપર કેસર,પિસ્તા-બદામની અને ઈલાયચીનાં પાવડરથી ગાર્નિશ કરવું.

--ડો. રેખા શાહ

---

NOG ss no.0007

વિષય : ગુજરાતી વાનગી

શીર્ષક : લીલાં વટાણાની પેટીસ

સામગ્રી :

૧) ૧ કિલો શાકના લીલાં વટાણા

૨) ૧ કિલો બટેટા

૩) ૨૫૦ ગ્રામ આરા લોટ

૪) આદુ,મરચાંની પેસ્ટ

૫) લીલું લસણ,કોથમીર ઝીણાં સમારેલાં

૬) ૨ ચમચી તલ, કિશમિશ, કાજુના ટુકડા, સૂકા કોપરાનું ખમણ

૭) મીઠું સ્વાદાનુસાર

૮)તળવા માટે તેલ

રીત : લીલા વટાણાને છોલીને ગ્રાઈન્ડરમાં અધકચરા વાટી લેવાં.બટેટાને બાફી છૂંદો કરી એમાં જરૂરીયાત પ્રમાણે આરાલોટ અને સ્વાદાનુસાર મીઠું નાખી કણક બાંધવી.કડાઈમાં ત્રણ ચમચા તેલ નાખી તેલ ગરમ થાય એટલે વાટેલાં વટાણાનો માવો નાંખી ધીમા તાપે શેકવો.માવો ચઢી જાય ત્યાં સુધી શેકવો.પછી ગેસ બંધ કરી વટાણાના માવાને ઠંડો થવા દેવો.માવો ઠરી જાય એટલે એમાં સ્વાદાનુસાર મીઠું,આદુ, મરચાંની પેસ્ટ, લીલું લસણ, કોથમીર,કાજુ,કીશમિશ,તલ.ખોપરાનુ ખમણ નાંખીને પૂરણ તૈયાર કરવું.હવે બટેટાના માવામાંથી લૂવો લઈ હાથમાં જ હથેળી પર દબાવી પૂરી બનાવી એમાં વટાણાનુ પૂરણ ભરી ગોળ પેટીસ બનાવવી.ગોળ પેટીસને આરાલોટમાં રગદોળી બાજુ પર મૂકવી.આ રીતે બધી પેટીસ વાળી તૈયાર કરવી.ત્યારબાદ કડાઈમાં તેલ પૂરી કડાઈમાં ધીરે ધીરે બે કે ત્રણ પેટીસ નાંખી પેટીસ બદામી રંગની થાય ત્યાં સુધી તળવી.આ લીલાં વટાણાની પેટીસ ફૂદીનાની તીખી ચટણી અને ખજૂર આંબલીની ની ખાટીમીઠી ચટણી સાથે પીરસવામાં આવે છે.

આરતી મરચંટ

---

N O G S S N 0089

શીર્ષક ખાના ખજાના

વાનગી ટોરટીલા રોલ

( મેંદાની અથવા મકાઈની રોટલી)

ખૂબ સ્વાદિષ્ટ વાનગી

આઠ થી દસ રોટલી

૧ કપ પનીર

વાટેલા વટાણાનો કચેરીનો સાંજો

આદુ વાટેલું અડધો ઈંચ

ચાર વાટેલા મરચા

૧/૨ ચમચી મરીનો ભૂકો

૧/૪ કપ ઝીણી સમારેલી કોથમીર

રીત

વટાણાનો સાંજો તૈયાર કરી અંદર પનીર તોડીને નાખવું. થોડી વાર બરાબર હલાવી એક પછી એક બધા મસાલા ઉમેરવા

પૂરણ ઠંડુ થાય એટલે એક ટોરટીલા લઈ તેના પર ચોપડી તેનો વીંટો વાળવો

આમ વારા ફરતી બધા વીટા તૈયાર કરી પ્લાસ્ટિકમાં ગોઠવી ફરીજમાં આખી રાત રાખવા

સવારે તેને બહાર કાઢી ગોળ ગોળ કાપી ડીશમાં ગોઠવવા

પારટીમાં મહેમાનોને ખૂબ ભાવશે .

PRVINA KAKADIA.

---

NOG SS. NO. 0097

વિષયઃ ગુજરાતી વાનગી

શીર્ષક : શાહી ભેળ

આજ કાલ યુવાધન પાસે સમય નથી. વડીલો પાસે સમય છે,શક્તિ નથી. ત્યારે ઓછા સાધનો અને ઓછા સમયમાં તૈયાર થઈ શકે એવી પૌષ્ટિક વાનગીની સૌને
ઈચછા થાય જ. ચાલો આપણે આ નવી વાનગી બનાવીએ.

બે વ્યક્તિ માટેઃ

સામગ્રી-૧ઃ

મગ,મઠ,મસૂર,ચણા,વટાણા,રાજમા દરેક કઠોળ આસપાસ ૨૦(વીસ)ગ્રામ

એક ચમચી મીઠું અને અર્ધુ લીંબુ.

રીત :

સૌ પ્રથમ બધા કઠોળને સાધારણ પાણીમાં ધોઈને ૬(છ) કલાક એક એર ટાઈટ મોટા ડબ્બા માં થોડાંક વધારે હૂંફાળા પાણીમાં પલાળી દો. સવારે પલાળી રાત્રે હલાવી ફરીથી ઢાંકીને મૂકી દો.

સવારે લીંબુ મીઠું લગાવી ડબ્બા પર પાતળો ભીનો રૂમાલ ઢાંકીને રહેવા દો.

સામગ્રી-૨ઃ

શીંગદાણા, કાજુ, બદામ,અખરોટ,કીસમીસ

(માપ જરુરીનથી.જરુરીયાત મુજબ લઈ શકાય)

બે લીલા મરચાં,આદુનો નાનો ટૂંકડો, લીલી હળદર,લીલા નાળિયેરનો નાનો ટૂકડો.

બધી જ વસ્તુઓને ઝીણી સમારો અથવા મીકસીમાં અધકચરી ગ્રાઈનડ કરો.

સામગ્રી-૧અનેર બધુ જણાવેલ રીત મુજબ તૈયાર કરી મીકસ કરી ઉપયોગમાં લો.

બહાર ગામ જવાનું થાય ત્યારે પણ આ સામગ્રી સહેલાયથી સાથે લઈ જઇને ભેળ બનાવી શકાય.

બદલાતા સમય સાથે આપણે પણ બદલાયએ.

ખાનપાન માં પરિવર્તન લાવીએ.

વર્ષાબેન દેસાઈ,એડવોકેટ

## ગાંધી મંડેલા ફાઉન્ડેશન દ્વારા આયોજિત વૈશ્વિક પ્રાર્થનાનું સમાપન

# મહાત્મા ગાંધીનો અહિંસાનો માર્ગ વર્તમાન સમયમાં વધુ સુસંગત છે - જૈનાચાર્ય લોકેશજી




અમેરિકાના ગાંધી મંડેલા ફાઉન્ડેશન દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના ૭૪માં બલિદાન દિવસ પર વૈશ્વિક પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. વૈશ્વિક પ્રાર્થનામાં જુનાપીઠાધીશ્વર આચાર્ય સ્વામી અવધેશાનંદજી, પરમાર્થ નિકેતનના પ્રમુખ ઋષિકેશ સ્વામી ચિદાનંદ સરસ્વતીજી , અહિંસા વિશ્વ ભારતી, દિલ્હીના સ્થાપક આચાર્ય ડૉ.લોકેશજી, જાણીતા લેખક અને પત્રકાર ડૉ.વેદ પ્રતાપ વૈદિકજી , સાધ્વી ભગવતી સરસ્વતીજી , જસ્ટિસ કે. હા. બાલકૃષ્ણનજી , જસ્ટિસ દીપક મિશ્રાજી , જસ્ટિસ કેદારનાથ ઉપાધ્યાયજી , જસ્ટિસ જ્ઞાન સુધા મિશ્રાજી , ડૉ. સવિતા સિંહ, ઈન્ડોનેશિયાના અગુસ ઈન્દ્ર ઉદયાના અને અન્ય ઘણા મહાનુભાવો હાજર રહ્યા હતા. શ્રી નંદન ઝા, જનરલ સેક્રેટરી, ગાંધી મંડેલા ફાઉન્ડેશન અને યુએસએથી આવેલા નંદા સંદિલ્યજીએ તમામ મહેમાનોનું ખાસ સ્વાગત કર્યું હતું. જુનાપીઠાધિશ્વર અને ગાંધી મંડેલા ફાઉન્ડેશનના પ્રમુખ આચાર્ય સ્વામી અવધેશાનંદજી ગીરીજી મહારાજે ગાંધીજીની આધ્યાત્મિકતા પર પ્રકાશ પાડયો અને ગરીબોના ઉત્થાનના ગાંધીજીના વિચારનો પુનરોચ્ચાર કર્યો. તેમણે કહ્યું કે, બાપુ ઈચ્છતા હતા કે સામાન્ય અને ગરીબ માણસને તે તમામ સુવિધાઓ મળે જે અમીર લોકો વાપરે છે. ગાંધીજીએ ઉપવાસ અને પ્રાર્થનાને આત્મશુદ્ધિની પ્રક્રિયાનું સૌથી ઉત્તમ માધ્યમ ગણાવ્યું છે. આચાર્ય ડૉ.લોકેશજીએ જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજીનો અહિંસાનો માર્ગ બલિદાન આજના દિવસે વધુ પ્રાસંગિક બન્યો છે, સત્ય અને અહિંસા જ એક આદર્શ સમાજનું નિર્માણ થાય છે. ગાંધીજીનું વ્યક્તિત્વ અને કાર્ય આવનારી પેઢીઓ માટે પ્રેરણાના સ્તંભ તરીકે રહેશે. આચાર્ય લોકેશજી એ તમામ સામાજિક સંસ્થાઓને ગાંધીજીના સત્ય, અહિંસા, શાંતિ, સદભાવના, સમાનતાના વિચારો યુવા પેઢી સુધી પહોંચાડવા અને સ્વસ્થ સમાજના નિર્માણમાં સહયોગ આપવા હાકલ કરી હતી. સ્વામી ચિદાનંદ સરસ્વતીજી એ સમાનતા, સંતુલન અને સદભાવના પર ગાંધીજીની ફિલસૂફીની પ્રશંસા કરી. સમાજમાં સંવાદિતા એ સમયની જરૂરિયાત છે. તેમણે કહ્યું કે, પાતળું શરીર પરંતુ આત્મવિશ્વાસ ધરાવનાર માણસે પોતાના દૃઢ નિશ્ચય અને સત્ય અને અહિંસાની શક્તિથી કોઈ પણ શસ્ત્ર વિના સમાજમાં મોટો ફેરફાર કર્યો છે. સાધ્વી ભગવતી સરસ્વતીજી એ કહ્યું કે, સત્ય અને અહિંસા ગાંધીજીએ પોતાનામાં ભગવાન તરીકે વર્ણવ્યા છે અને બંનેને આધ્યાત્મિક સાધના તરીકે ગણવામાં આવે છે. ડૉ.વેદ પ્રતાપ વૈદિકે કહ્યું કે, ગાંધીજીમાં ભેદભાવનો સામનો કરવાની સત્યની શક્તિ હતી, તેમની પદ્ધતિ અહિંસક હતી, તેમની ફિલસૂફી નૈતિક હતી, સત્ય અને અહિંસા તેમની તાકાત રહી હતી. ઈન્ડોનેશિયાના અગુસ ઈન્દ્ર ઉદયનાજી એ જણાવ્યું હતું કે, મોટાભાગના ધાર્મિક અને આધ્યાત્મિક ગ્રંથોમાં જે સત્ય બોલવામાં આવ્યું છે, ગાંધીજીએ તેને સંસ્કારિત કરવાની શક્તિઓ સાથે પોતાને પરિવર્તિત કર્યા. ડો.સવિતા સિંહજી એ જણાવ્યું હતું કે, અહિંસાથી સમાજમાં સ્થિરતા આવે છે અને અંતે જીત થાય છે. પૂર્વ ઝતૈં જસ્ટિસ દીપક મિશ્રાજી એ ગાંધીજી કેવી રીતે સમાવેશના વિચાર સાથે જીવ્યા તે વિશે વાત કરી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, જ્યાં સુધી માનવતા રહેશે ત્યાં સુધી ગાંધીજીના આદર્શો પ્રાસંગિક રહેશે. ભૂતપૂર્વ CJI અને NHRCના ભૂતપૂર્વ અધ્યક્ષ જસ્ટિસ કે.જી. બાલક્રિષ્નજી એ ગાંધીજીએ પછાત વર્ગોના ઉત્થાન માટે કેવી રીતે કામ કર્યું તે જણાવ્યું હતું. તેમણે અસ્પૃશ્યતા જેવા સામાજિક દુષણોને દૂર કરવામાં મહાત્મા ગાંધીના યોગદાન વિશે વાત કરી. આ પ્રસંગે જસ્ટિસ કેદારનાથ ઉપાધ્યાયજી , જસ્ટિસ જ્ઞાન સુધા મિશ્રાજી વગેરેએ પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. નંદન ઝાજી , જનરલ સેક્રેટરીજી , ગાંધી મંડેલા ફાઉન્ડેશન અને નંદા સંદિલ્યાજી , યુએસએથી ભાગીજી એ વેબિનારનું આયોજન કર્યું અને તમામ મહેમાનોને તેમના વિશેષ સ્વાગત અને સમાપન બદલ આભાર માન્યો હતો.

# ધ્રાંગધ્રા સબજેલમાં ૮ મોબાઇલ ફોન, ૮ ચાર્જર, ઇયરફોન અને ૫૩ પાન માવા કેદીઓની બેરેકમાંથી મળી આવ્યા

સુરેન્દ્રનગર,તા.૨

સુરેન્દ્રનગર જિલ્લાની સબજેલમાં અવારનવાર પ્રતિબંધિત વસ્તુઓ જેલના બેરેક બિલ્ડિંગમાંથી મળી આવવાના કિસ્સાઓ વધતા જઈ રહ્યા છે. ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાની ખાસ કરી ધાંગધ્રા જેલ અવાર-નવાર ચર્ચામાં આવી રહી છે. ત્યારે સુરેન્દ્રનગર એસ.ઓ.જી પોલીસ સાથે ચેકિંગ કામગીરી જેલમાં હાથ ધરવામાં આવતા જેલમાંથી મોબાઈલ, ચાર્જર, ઈયરફોન, પાન-માવા જેવી પ્રતિબંધિત વસ્તુઓ જેલમાંથી મળી આવી છે. તેને લઈને ચકચાર મચી જવા પામી છે.

સુરેન્દ્રનગર એસ.ઓ.જી પોલીસ મથકના પી.આઈ. સહિતના સ્ટાફ દ્વારા ધાંગધ્રા સબજેલમા આકસ્મિક ચેકીંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં સજા કાપી રહેલા કેદીઓને બેરેક બિલ્ડિંગમાંથી મોબાઈલ ફોન, ઈયરફોન અને ચાર્જર જેવી પ્રતિબંધિત વસ્તુઓ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. ત્યારે આ ઘટનાના પગલે જેલર સહિત સ્ટાફ કામગીરી ઉપર સવાલો ઉભા થયા છે. જીલ્લા પોલીસ અધિક્ષક મહેન્દ્ર બગડીયાએ સુચના મળી હતી કે, સુરેન્દ્રનગર જીલ્લામાં આવેલી જેલોમાં પ્રતિબંધિત વસ્તુઓ રાખવામાં આવે છે.જે અંગેનુ સરપ્રાઈઝ ચેકિંગ કરવા સુચના આપવામાં આવેલી જે અન્વયે એસ.ઓ.જી.ના પોલીસ ઈન્સ્પેકટર વી.વી.ત્રિવેદી તથા એસ.ઓ.જીના એ.એસ.આઇ મગનભાઈ રાઠોડ તથા પ્રવિણભાઈ આલ તથા હેડ.કોન્સ મહિપતસિંહ મકવાણા તથા હેડ.કોન્સ જયરાજસિંહ ઝાલા તથા પો.કોન્સ જગદીશભાઈ સભાડ તથા ડ્રા.પો.કોન્સ પરષોત્તમભાઈ નાકીયા તથા ડ્રા.પો.કોન્સ.જગદીશભાઈ તથા બી.ડી.ડી.એસ સ્કોડ સાથે ધ્રાંગધ્રા સબ જેલ સરપ્રાઇઝ ચેકીંગ કર્યું હતું.

# ગાંધીનગર મહાનગર ભાજપા યુવા મોરચા દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયું.

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આજરોજ મહાનગર ભાજપા યુવા મોરચા દ્વારા વોર્ડ ૧૦માં રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મહાનગર ભાજપા પ્રભારીશ્રી મોહનલાલ પટેલ, ગાંધીનગર દક્ષિણના ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર, મહામંત્રીશ્રી ગૌરાંગ પટેલ, સ્ટેન્ડિંગ ચેરમેન શ્રી જશવંતભાઈ પટેલ, દંડક શ્રીમતી તેજલબેન નાયી, મહાનગર યુવા મોરચા મહામંત્રી શ્રી હરેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આજના આ રક્તદાન કેમ્પમાં મહાનગર ભાજપા મહામંત્રી શ્રી ગૌરાંગ પટેલે ૨૫મી વખત રક્તદાન કર્યું હતું.

# વાવમાં ત્રણ સંતાનની માતા ઉપર દુષ્કર્મ આચરતાં ચકચાર, પીડિતાએ માવસરી પોલીસ મથકે ફરિયાદ નોધાવી

બનાસકાંઠા બ્યુરો

રિપોર્ટ : દીલીપ ગોહીલ

બનાસકાંઠાના વાવ તાલુકાના સરહદી પંથકમાં ત્રણ સંતાનોની માતા પર બળજબરી કરી ખેતરમાં લઈ જઈ દુષ્કર્મ આચરતાં ચકચાર મચી જવા પામી. મહિલાએ માવસરી પોલીસ મથકે બે વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

એક ગામની ત્રણ સંતાનોની માતા ખેતરના શેઢે રખડતી ગાયો કાઢવા ગયા હતા ત્યારે ગલાભાઈ પરમારે મહિલાને રાયડાના પાકમાં હાથ પકડી ખેંચી બળજબરી કરી મહિલા પર દુષ્કર્મ કરી નાસી છૂટ્યો હતો જેને લઈ મહિલાએ ઘરે આવી તેના પતિને બનાવની જાણ કરતા મહિલા પોતાના પતિ સાથે બનાવ વાળી જગ્યાએ જતા હતા.

ત્યારે રસ્તામાં અજેશીભાઈ પરમાર મળતા તેમણે ગાડી ઉભી રખાવી તારી પત્ની સાથે એકલા ગલાએ બળાત્કાર કર્યો છે હું પણ બળાત્કાર કરવાનો છું તેમ કહી અપશબ્દો બોલી જે થાય તે કરી લેવાની ધમકી આપતા મહિલા તેના પતિ સાથે ત્યાંથી નીકળી આગળ જતાં ગલાભાઈ પરમાર મહિલાના પતિને ગાડીમાંથી નીચે ઉતારી હાથ પર કુહાડી મારી ઈજાઓ કરી હતી જેને લઈ મહિલાએ માવસરી પોલીસ મથકે ગલાભાઈ રાવતભાઈ પરમાર અને અજેશીભાઈ આબાભાઈ પરમાર બંને (રહે, ટડાવ) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

### કવિ કલાપી સાહિત્ય કલા પૂરસ્કારથી

# અક્ષરમૈત્રી સાહિત્ય વર્તુળ ગુજરાત દ્વારા ફિલ્મી સીતારાઓ અને શ્રેષ્ઠ સમાજ સેવકોનું સન્માન



અક્ષરમૈત્રી સાહિત્ય વર્તુળ ગુજરાતના ૨૫માં વર્ષમાં મંગળ પ્રવેશના રજત જયંતી મહોત્સવ દરમિયાન ગુજરાતના ખ્યાતનામ ફિલ્મી કલાકારો અને પ્રસિદ્ધ સમાજ સેવકોનું ×કવિ કલાપી સાહિત્ય કલા× એવોર્ડ અર્પણ કરી ભવ્યાતિભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્ય સહિત ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના ઇતિહાસમાં સૌ પ્રથમવાર એક સાહિત્યિક સંસ્થા દ્વારા રૂપેરી પરદે ચમકતા ફિલ્મી સીતારાઓ અને શ્રેષ્ઠ સમાજ સેવકોનું સન્માન કરવામાં આવ્યું હતું જેની પાછળનો મુખ્ય ઉદ્દેશ એજ છે કે સાહિત્ય અને કલા એ એક સિક્કાની બે બાજુ સમાન છે, સાહિત્ય વિના કલા પાંગળી અને કલા વિના સાહિત્ય પાંગલું છે.

સાહિત્ય, કલા અને સંસ્કૃતિનો ત્રિભેટ એટલે અક્ષરમૈત્રી સાહિત્ય વર્તુળ ગુજરાત. સંસ્થાના સંસ્થાપક અને ખ્યાતનામ યુવા શાયર ડૉ.કેતન એમ. પંડ્યા ×વિનીત× દ્વારા સાહિત્યજગતમાં સૌ પ્રથમ વખત નવતર અભિગમ અપનાવવામાં આવ્યો છે કે જેમાં મૂળમાં સાહિત્ય સાથે જોડાયેલા કલા અને સંસ્કૃતિને એક મંચ પર લાવી તે તમામને સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

સૌ પ્રથમવાર સાહિત્યિક સંસ્થા દ્વારા કલાકારોનું સન્માન થતું હોઈ પ્રસિદ્ધ કલાકારોએ પણ આ અભિગમને સહર્ષ સ્વીકારી સન્માન પ્રાપ્ત કર્યું હતું અને સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓને ભરપેટ વખાણી ખોબલે ખોબલે શુભેચ્છાઓની હેલી વરસાવી આનંદિત પળોને માણી હતી. ઉપરોક્ત કાર્યક્રમમાં શ્રેષ્ઠ કલાકાર અને શ્રેષ્ઠ સમાજસેવક તરીકે ×કવિ કલાપી સાહિત્ય કલા× એવોર્ડથી સન્માનિત થયેલા કલાકારો અને સમાજસેવકોમાં શ્રી શ્રદ્ધાબેન ઝા કે જેઓ પ્રસિદ્ધ અભિનેત્રી સહિત ગુજરાત પ્રદેશ મંત્રી તેમજ મહેસાણા જિલ્લા મહિલા મોરચા ભાજપના પ્રભારી છે તેઓ મુખ્ય અતિથી પદે ઉપસ્થિત રહ્યા હતાં સાથોસાથ અતિથી વિશેષ પદે શ્રી જિજ્ઞાબેન શેઠ પ્રસિદ્ધ સમાજ સેવિકા અને જિજ્ઞા કોમ્પ્યુટર કલાસીસ, શંખેશ્વર નાઓ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. જયારે ઉપસ્થિત કલાકારમાં શ્રી કેશવ રાઠોડ પ્રસિદ્ધ ગુજરાતી ફિલ્મ ડાયરેક્ટર કે જેમને ૩૫૦ થી વધુ ગુજરાતી ફિલ્મોમાં કથા, પટકથા, સંવાદ અને ગીતો દ્વારા ગુજરાતી સંસ્કૃતિને કલા દ્વારા સજીવન રાખવાના પ્રયાસ કર્યો છે, શ્રી જીતુ પંડ્યા પ્રસિદ્ધ ગુજરાતી ફિલ્મ હાસ્ય કલાકાર, શ્રી મૌલિક પાઠક પ્રસિદ્ધ ફિલ્મ/સિરિયલ કલાકાર, શ્રી ભદ્રેશ દવે પ્રસિદ્ધ હાસ્ય કલાકાર/જુનિયર રમેશ મહેતા, શ્રી રતનસિંહ વાઘેલા પ્રસિદ્ધ ગુજરાતી ગાયક, શ્રી ઝીલ જોશી પ્રસિદ્ધ ગુજરાતી ફિલ્મ અભિનેત્રી, શ્રી નીરજ ગજ્જર પ્રસિદ્ધ પાર્શ્વગાયક ઈન્ડિય વર્લ્ડ રેકોર્ડ, શ્રી નીક્કી પેરેરા પ્રસિદ્ધ નૃત્ય નિર્દેશક, શ્રી ગ્રીવા કંસારા પ્રસિદ્ધ હાસ્ય કલાકાર, શ્રી જય રામી પ્રસિદ્ધ બાળ કલાકાર-ગોરા કુંભાર, શ્રી ગૌતમ દવે બ્રહ્મ અગ્રણી/સમાજસેવક, શ્રી મીનાક્ષી ઠાકર પ્રસિદ્ધ સમાજ સેવિકા/આચાર્યાશ્રી, શ્રી ખુશી એમ. પંડ્યા બાળ કલાકાર, શ્રી રાજ કે. પંડ્યા બાળ કલાકાર વગેરેએ ઉપસ્થિત રહી અક્ષરમૈત્રી સાહિત્ય વર્તુળ ગુજરાતના રજત જયંતી મહોત્સવ સહિત કવિ કલાપીના ગુણગાન કરી કલાકાર સન્માન સમારોહના કાર્યક્રમને સાચા અર્થમાં શોભાવ્યો હતો. સન્માન સમારોહમાં ઉપસ્થિત સૌ કલાકાર મિત્રો તેમજ શ્રેષ્ઠ સમાજ સેવકોનું અક્ષરમૈત્રી સાહિત્ય વર્તુળ ગુજરાતના સંસ્થાપકશ્રી સહિત સમગ્ર ટીમે આ પ્રસંગે સ્વાગત અને અભિવાદન કરતા આભાર વ્યક્ત કર્યો હતો.

# અમદાવાદ જિલ્લાના ખેડૂતો પાસેથી ચણા તથા તુવેરની ટેકાના ભાવે ખરીદી કરાશે

અમદાવાદ જિલ્લામાં ખરીફ ઋતુમાં તુવેર પાક માટે અંદાજિત કુલ ૧૩,૨૦૨ હેક્ટરમાં વાવેતર કરવામાં આવ્યું છે, જે પૈકી સૌથી વધુ માંડલ તાલુકામાં અંદાજિત ૧૨,૦૨૨ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે. જ્યારે રવી ઋતુમાં ચણા પાક માટે અંદાજિત કુલ ૫૮,૪૦૫ હેક્ટર વાવેતર થયું છે.

ખરીફ ઋતુમાં સારા વરસાદનાપગલે અને રવિ ઋતુમાં અનુકુળ વાતાવરણના કારણસર તુવેર તેમજ ચણા પાકમાં ઉત્પાદન વધવાની શક્યતાઓ છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ટેકાના ભાવે જણસી ખરીદી કરવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

રાજ્ય સરકારે સમગ્ર ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખીને ગુજકોમાસોલ દ્વારા તુવેર રૂપિયા ૬૩૦૦, ચણા રૂ. ૫૨૩૦ તથા રાઇ રૂ. ૫૦૫૦ પ્રતિ ક્વિન્ટલથી ખરીદી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. તુવેર, ચણા તથા રાઇ પાક માટે ઓનલાઇન નોંધણી પ્રક્રિયાનો ૧લી ફેબ્રુઆરીથી પ્રારંભ થઇ ગયો છે, જે તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૨૨ સુધી ગ્રામ્યકક્ષાએ વી.સી.ઇના મારફતે થઇ શકશે. ત્યારબાદ ૧લી માર્ચ- ૨૦૨૨થી ખરીદી પ્રક્રિયાનો પ્રારંભ થશે.

નોંધણી માટે ખેડૂતોને આધાર કાર્ડની નકલ, આધાર નોંધણી નંબર અને તે અંગેનો પુરાવો, અદ્યતન ૭-૧૨, ૮-અ રેકોર્ડ્સની નકલ, ફોર્મ નંબર - ૧૨માં પાક વાવણીઅંગે એન્ટ્રી ના થઇ હોય તો પાક વાવ્યા અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો, ખેડૂતોના નામે આઇ.એફ.એસ.સી કોડ સહિતની બેંક એકાઉન્ટની વિગતો માટે બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સહિતના જરૂરી પૂરવા સાથે જે તે ગામના ઇ-ગ્રામ સેન્ટર ખાતેથી વી.સી.ઇ મારફતે નોંધણી કરાવવાની રહેશે. નોંધણી કરાવ્યા બાદ નોંધણી થયાની પહોંચ ખેડૂત દ્વારા જે તે વખતે સ્થળ પર મેળવી લેવાની રહેશે તથા જે તે ખરીદી વખતે નોંધણી અંગેની સ્લીપ ખરીદી કેન્દ્ર ખાતે રજૂ કરવાનું રહેશે. ખેડૂતોને તેમનો જથ્થો સાફસૂફ તથા ચારણો કરી તેમજ તેમાં ભેજનું પ્રમાણ નિયત મર્યાદામાં રહે તે માટે જરૂરી જણાયે તડકામાં સુકવી ખરીદી કેન્દ્ર ખાતે લાવવાનો રહેશે, જેથી ખેડૂતોને ખરીદી વખતે કોઇપણ પ્રકારની અગવડ ઊભી ન થાય. આમ, આ ટેકાના ભાવે તુવેર-ચણા તથા રાઇનું વેચાણ કરવા ઇચ્છતા તમામ ખેડૂતોને સમય મર્યાદામાં નોંધણી કરાવવાનો અનુરોધ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી દ્વારા કરવામાં આવ્યો છે.

# આજરોજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર અર્થવ્યવસ્થા વિષય પરના વ્યક્તવ્યન ભાજપા સંગઠન દ્વારા નિહાળવાનું આયોજન કરાયું



ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આજરોજ લોકલાડીલા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આત્મનિર્ભર ભારતના સંકલ્પને ચરિતાર્થ કરવાની પ્રતિબદ્ધતા સાથે આત્મનિર્ભર અર્થવ્યવસ્થા વિષય પર દેશવાસીઓને કરેલા સંબોધનને રાજ્યના તમામ મંડલોમાં નિહાળવાનું આયોજન ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ રાજ્યના તમામ મંડલોમાં કરવામાં આવ્યું હતું જેના અંતર્ગત ગાંધીનગર મહાનગર ભાજપા અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટની અધ્યક્ષતામાં મહાનગરના તમામ ૧૧ વોર્ડમાં નિહાળવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આજરોજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર અર્થવ્યવસ્થા વિષય પરના વક્તવ્ય અન્વયે મહાનગર ભાજપા અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટે વોર્ડ નં.૫ માં શિવશક્તિ મંદિર, સે.૨૩ ખાતે તેમજ મેયરશ્રી હિતેશભાઈ મકવાણાએ વોર્ડ નં.૮ ખાતે પીએમ મોદીજીનું સંબોધન સાંભળ્યું હતું. આ ઉપરાંત શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, ભાજપા કાર્યકર્તાઓ, શુભેચ્છકો સંબંધિત વોર્ડમા ઉપસ્થિત રહી કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા.

### મને દેશની જનતા પર જેટલો વિશ્વાસ છે તે જ રીતે કાર્યકર્તાઓ પર પણ વિશ્વાસ છે- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી

# ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ તેમજ પક્ષના હોદેદારશ્રીઓએ ગાંધીનગર કમલમ ખાતે વડાપ્રધાનશ્રીનું સંબોધન સાંભળ્યું



ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, આજે ગુજરાતના પનોતા પુત્ર અને વૈશ્વીક દેશોમાં એક પ્રખર લીડર તરીકે ટુંક સમયમાં લોક ચાહના મેળવી છે તેવા દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ભાજપના કાર્યકર્તાઓને આત્મનિર્ભર અર્થવ્યવસ્થા મુદ્દે વિડિયો કોન્ફરન્સથી સંબોધન કરી કાર્યકરોને માર્ગદર્શન આપ્યું. વડાપ્રધાનશ્રીનું સંબોધન પક્ષના તમામ સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, ચૂંટાયેલા સભ્યશ્રીઓ અને દરેક કાર્યકર્તાઓએ સાંભળ્યું જેમાં ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ તેમજ પક્ષના હોદેદારશ્રીઓએ ગાંધીનગર કમલમ ખાતે વડાપ્રધાનશ્રીનું સંબોધન સાંભળ્યું. આ કાર્યક્રમ કોવિડ ગાઇડલાઇન ને ધ્યાને રાખી આયોજન કરાયું હતું. દેશના વડાપ્રધાનશ્રી સમયે સમયે પક્ષના કાર્યકર્તાઓને દિશા અને માર્ગદર્શન આપતા હોય છે ત્યારે આજે ફરી એક વાર બજેટ આવ્યા પછી નવું ભારત કેવી રેત આગળ વધશે તે અંગે કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગઇકાલે રજુ કરાયેલ બજેટ અગેં માર્ગદર્શન આપતા પહેલા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી નડ્ડાજીનો આભાર માન્યો કે તેમણે આ કાર્યક્રમની રચના કરી અને દેશના કાર્યકરો સમક્ષ બજેટ અંગે વિચાર રજૂ કરવાની તક આપી, વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે,ગઇકાલે કેન્દ્રીય નાણામંત્રીશ્રી નિર્મલા સિતારમણજીએ ખુબ ઓછા સમયમાં બજેટ આપણી સમક્ષ મુકયું.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, આજે આ સમયમાં ૧૦૦ વર્ષમાં આવેલ સૌથી મોટી વૈશ્વીક માહમારી સામે દેશ લડી રહ્યો છે કોરોનાની મહામારી પુરી દુનિયામાં ચેલેન્જ લઇ આવ્યું છે. કોરોના પછી દુનિયામાં ઘણો બદલાવ આવવાની સંભાવના છે અને એના પ્રારંભીક સંકેત પણ દેખાઇ રહ્યા છે. આજે ભારત તરફ જોવાની વૈશ્વીક દેશોની દ્રષ્ટી બદલાઇ છે.ભારત જેવા વિશાળ લોકતાંત્રીક દેશને દુનિયાના લોકો ભારતને મજબૂત દેશ તરીકે જોવે છે સમગ્ર વિશ્વ ભારતને નવી દ્રષ્ટીથી જોઇ રહ્યો છે. આપણે આપણા દેશને ઝડપથી આગળ લઇ જવાનો છે આ સમય નવા અવસરનો નવા સંકલ્પની સિદ્ધીનો છે સાથે આ જરૂરી છે કે ભારત આત્મનીર્ભર ભારતની નિમ ઉપર એક આધુનિક ભારતનું નિર્માણ થાય તે મહત્વનું છે.

ગઇકાલે જે બજેટ રજૂ થયું તેને રાજકીય નજર થી ઉપર જોઇએ તો બજેટના ઘણા વખાણ થયા છે. આ બજેટમાં દેશને આધુનિકતા તરફ લઇ જવા મદદ મળશે. પાછલા સાત વર્ષમાં જે નિર્ણય લેવાયા છે પહેલા જે નિતિઓ બની છે તેની ભૂલો સુધારવામાં આવી આજે ભારતની આર્થીક વ્યવસ્થાનું નિરંતર વિસ્તાર થઇ રહ્યુ છે. પહેલા ભારતની જીડીપી એક લાખ દસ હજાર કરોડ રૂપિયાની હતી આજે ભારતની અર્થવ્યવસ્થા બે લાખ ૩૦ હજાર કરોડ આસપાસની છે. વર્ષ ૨૦૧૩-૧૪માં ભારતનું એક્સપોર્ટ બે લાખ ૮૫ હજાર કરોડ રૂપિયાનું રહેતું હતું આજે ભારતનું એક્સપોર્ટ ચાર લાખ ૧૭ હજાર કરોડ રૂપિયાની આસપાસ પહોંચ્યુ છે. આજે દેશનું વિદેશી મુદ્રા રિઝર્વ ૬૩૦ મીલીયન ડોલરને પાર કર્યુ છે. કોરોનાકાળમાં ભારતની અર્થવ્યવસ્થાએ મજબૂત રીતે દુનિયાનું ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. આ વર્ષનું બજેટ દેશને ગતી આપશે. જયારે ગરિબોને મુળભૂત સુવિધા મળે ત્યારે તેઓ તેમની શક્તિ તેમનો વિકાસ દેશના વિકાસમાં લગાવે છે.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, આપણી સરકારના પ્રયત્નોથી આશરે ૯ કરોડ ગ્રામીણ વિસ્તારોમાં નલ સે જલ પહોચવા લાગ્યું છે તેમાંથી આશરે પાંચ કરોડથી વધારે પાણીના કનેકશન જલ જિવન મિશન અંતર્ગત પાછલા બે વર્ષમાં આપવામાં આવ્યા છે. આ વખતે બજેટમાં જાહેરાત કરવામાં આવી છે કે આ વર્ષે આશરે ચાર કરોડ ગ્રામીણ વિસ્તારના ઘરોમાં પાઇપ વડે પાણીનું કનેકશન અપાશે . દેશના જુદા જુદા ભાગોમાં નદીઓને લીક કરવાનો પ્રસ્તાવ પણ આ બજેટમાં છે. ખેડૂતોના ખેતરમાં પાણી પહોંચાડવામાં આવશે. ગરીબોનું એક સ્વપ્ન તેમનું ઘર હોય છે અને આ બજેટમાં ગરીબો માટે ૮૦ લાખ પાકા મકાનો આપવાની વાત કહેવામાં આવી છે. અને તેના માટે ૪૮ હજડાર કરોડ રૂપિયાનો ખર્ચ સરકાર કરશે. ગરીબીમાંથી મુક્તિ માટે મોટી મદદ મળશે. આપણી સરકારે પાછલા સાત વર્ષમાં ૩ કરોડ ગરીબોને પાકા ઘરો આપ્યા છે. સમાજના ભલા માટે સમાજીક ન્યાય ઘણુ મહત્વનું છે તે જ રીતે દેશના ભલા માટે દેશનું સતુંલીત વિકાસ પણ મહત્વનું છે. ભારત જેવા દેશમાં કોઇ ક્ષેત્ર કોઇ વિસ્તાર અવિકસિત રહે તે યોગ્ય નથી તે માટે આપણે ખાસ અભિયાન આપણે ચલાવ્યું.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, આપણા બજેટમાં વિશેષ વાઇબ્રન્ટ વિલેજ પોગ્રામની જાહેરાત કરવામા આવી છે. આપણા અનેક સિમા વર્તીતી ગામો ટુરિસ્ટ સ્પોટ બની શકે છે. ત્યાના લોકોને રોજી રોટી મળવમાં મદદ મળશે. ગુજરાતમાં કચ્છમાં રણોત્સવ નું ઉદાહરણ આપ્યું. વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ દરેક ગામોને ઘણી મદદ કરશે. સિમાના ગામડાઓમાં એનસીસીનું કેન્દ્ર શરૂ કરીશું જેથી ત્યાના બાળકો સરળતાથી સુરક્ષાદળોમાં જઇ દેશની રક્ષામાં ફાળો આપી શકે .રાષ્ટ્ર સુરક્ષાને લઇ પણ બજેટમાં મોટી જાહેરાત કરવામાં આવી . વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, પર્યાવરણની સુરક્ષા વધારવામાં આવશે નોર્થ ઇસ્ટમાં પીએમ ડિવાયન નામથી એક મોટીયોજના બજેટમાં જાહેરાત કરવામાં આવશે સમયની માંગ છે કે હવે ખેતી પણ આધુનિક બને ખેડૂતો પર બોજ ઘટે દેશની ખેતી ટેકનોલોજી આધારિત અને કેમિકલ ફ્રિ બનાવવા મોટા નિર્ણય બજેટમાં લેવાયા છે. કિશાન ડ્રોન ખેડૂતોનો નવો સાથી બનશે. આ માટે ખેડૂતોને ખેતરમાં ડ્રોન અને અન્ય મશિનોની સુવિધા આપવામાં આવશે. ડ્રોન ટેકનોલોજીથી ખેડૂતોને ઘણી મદદ મળશે સાથે ઉત્પાદનનો રિયલ ટાઇમ ડેટા પણ મળી રહેશે. ખેતીને હાઇટકેટ સાથે દેશની ખેતીને નેચરલ કરવા પર ભાર મુકયો છે. આપણી ધરતીમાતાની ઉપજ શક્તિ ઓછી ન થાય તે માટે કેમિકલ મુકત ખેતી થાય તેના પર ભાર મુકયો છે. આ બજેટ ખેડૂતો માટે લાભદાય રહેશે. વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, આપણે દેશમાં પહેલો કોરિડોર બનાવા જઇ રહ્યા છે જેની બજેટમાં જાહેરાત કરવામાં આવી છે તે જે પ્રાકૃતિક ખેતી . નેચરલ ફાર્મીગ કોરિડોર અંદાજે અઠી હાજર કિમી લાંબો હશે આશરે ૧૦ કિમી પહોળો હશે અને પહેલા ભાગમાં ઉત્તારખંડ, ઉત્તરપ્રદેશ,બિહાર,ઝારખંડ.પશ્ચિમ બંગાળમાં મા ગંગા કિનારે પાંચ કિમી પહોળો નેચરલ ફાર્મિગનો કોરિડોર બનાવવામાં આવશે. ગંગા સ્વચ્છતા અભિયાનને મદદ મળશે તે અંગે માર્ગદર્શન આપ્યું. ભારત વિશ્વની ખેતી બજારમાં નવી તાકાતથી જશે. કોંગ્રેસના ૭૦ વર્ષના સાશનમાં દેશમાં ૯૦ હજાર કિમી નેશનલ હાઇવે બન્યા હતો જે આપણી સાત વર્ષની સરકારમાં ૫૦ હજાર કિમી નેશનલ હાઇવે બનાવવામાં આવ્યા છે.પીએમ ગતી શક્તિ માસ્ટર પ્લાન યોજના અંતર્ગત દેશમાં હજારો કિમી નવો હાઇવે બનાવવામાં આવશે.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, સરકારે હંમેશા ખેડૂતોના હિતમાં નિર્ણય કર્યા છે. ખેડૂતોને સોલર પંપ સૌથી વધુ પહોચાડીશું તો તેમને ઘણો લાભો થશે. બજેટમાં સોલર પંપ માટે જાહેરાત કરવામાં આવી છે. ખેડૂતો માટે નેનો ફર્ટીલાઇઝર યોજના પણ સરકાર લાવી રહ્યુ છે સરકારે એમએસપી પર રેકોર્ડ ખરીદી કરી છે એમએસપી અંગે ખેડૂતોને થતા ફાયદા અંગે પણ જણાવ્યું. વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, ભાજપા યુવાનોના સ્વપ્નને સમજે છે યુવા ઇનોવેસન, રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ માટે બજેટમાં સામેલ કરવામાં આવ્યું છે .યુવાનોના શિક્ષણ માટે પહેલી વાર ડિજિટલ યુનિવર્સિટી બનાવવામાં બજેટમાં જાહેરાત કરી છે તે અંગે માર્ગદર્શન આપ્યું સ્પોર્ટને પણ બજેટમાં ધ્યાન આપ્યું છે. સ્પોર્ટસનું બજેટ વધારવામાં આવ્યું છે. પોસ્ટ ઓફિસ અંગે પણ મોદી સાહેબે બજેટમાં જે જાહેરાત કરી છે તે અંગે માર્ગદર્શન આપ્યું.દેશમા ઝડપથી દરેક ગામોમાં ઓપ્ટીકલ ફાઇબર કનેટકટીવીટી કરવામાં આવશે તે અંગે મળનારા ફાયદા અંગે પણ મોદી સાહેબે માર્ગદર્શન આપ્યું. ૫ જી સર્વિસિસ થી થનાર લાભ અંગે માહિતી આપી. ડિજિટલ કરન્સી અંગે બજેટમાં જાહેરાત કરવામાં આવી છે તે અંગે દેશને થનારા લાભ અંગે જણાવ્યું.MSMEને મજબૂત કરવા સરકારે બજેટમાં MSMEને આવરી લીધુ છે તે અંગે થનાર લાભો અંગે માર્ગદર્શન આપ્યું.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, રક્ષા સાધનોની મોટી ખરીદી દેશમાંથી કરવામાં આવશે. બજેટમાં ડિફેન્સમાં પણ વોકલ ફોર લોકલને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. દેશમાં બનેલ યંત્રો જ ખરીદવામાં આવશે. શહેર અને ગામડામાં સારી કનેકટીવીટી માટે હજારો કિમી ના હાઇવે નવા બનાવવા અંગે બજેટમાં જાહેરાત કરવામાં આવી છે તે અંગે માર્ગદર્શન આપ્યું .આ બજેટમાં બીઝનેશ,ખેતી,સ્પોર્ટસ, ટેકનોલોજી જેવા દરેક ક્ષેત્રનું ધ્યાન રાખવામાં આવ્યું છે. ઇક્રમટેક્સ રિટર્ન ભરવા માટે સરકારે ખાસ બજેટમાં જાહેરાત કરી છે.વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે એક ભારતીય તરીકે એ વાતનો ગર્વ છે કે જનતા જનાર્દનની સેવામાટે કોઇ કસર બાકી નખી રાખી, આપણી દરેક કાર્યકર્તાઓએ સરકારની યોજનાઓ વિશે લોકોમાં જાગૃતતા લાવે અને બજેટ અંગે માર્ગદર્શન આપે.મને દેશની જનતા પર જેટલો વિશ્વાસ છે તે જ રીતે કાર્યકર્તાઓ પર પણ વિશ્વાસ છે. વડાપ્રધાશ્રી અંતમાં જણાવ્યું કે સૌના પ્રયાસથી દેશને નવી ઉચાઇ પર લઇ જઇશું

# પાલનપુર બંધનું એલાન મોકૂફ રહ્યું: રામધૂન કરી મૃતક કિશન ભરવાડને શ્રદ્ધાંજલિ અપાઈ

બનાસકાંઠા બ્યુરો
રિપોર્ટ : દીલીપ ગોહીલ

તાજેતરમાં ધંધુકાના કિશન ભરવાડ નામના યુવાનની વિધર્મીઓ દ્વારા ર્નિમમ હત્યાને પગલે હિન્દૂ સંગઠનો હચમચી ગયા છે. ત્યારે આ ઘટનાના વિરોધમાં આજે પાલનપુર બંધનું એલાન આપતા મેસેજ સોશિયલ મીડિયામાં વહેતા થયા હતા. જેના પગલે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ખડકી દેવાયો હતો. જોકે, હિન્દૂ સંગઠનોએ બંધનું એલાન મોકૂફ રાખી રામધૂન અને હનુમાન ચાલીસા કરી મૃતક કિશન ભરવાડના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

અમદાવાદ જિલ્લાના ધંધુકાના કિશન ભરવાડ નામના નવયુવાનની વિધર્મીઓ દ્વારા ર્નિમમ હત્યા કરાઈ હતી. જેના ઘેરા પ્રત્યાઘાત હિન્દૂ સમાજમાં પડ્યા છે. ત્યારે હિન્દૂ સંગઠનોના નામે આ હત્યાના વિરોધમાં આજે રેલી અને પાલનપુર બંધનું એલાન આપવામાં આવ્યું હોવાના મેસેજ સોશિયલ મીડિયામાં વહેતા થયા હતા. જેને લઈને પાલનપુરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ખડકી દેવાયો હતો. ત્યારે હિન્દૂ સંગઠનોએ પણ પોલીસને સહયોગ આપતા બંધનું એલાન મોકૂફ રાખ્યું હતું. વિવિધ હિન્દૂ સંગઠનના કાર્યકરો પાલનપુરના જુના ટેલિફોન એક્સચેન્જ ખાતે અંબાજી માતાના મંદિરમાં એકત્ર થયા હતા. જ્યાં હનુમાન ચાલીસા અને રામધૂન કરી મૃતક કિશન ભરવાડના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હોવાનું અંકિત ઓડએ જણાવ્યું હતું.

જોકે, હિન્દૂ સંગઠનોના નામે બંધનું એલાન કોણે આપ્યું? અને બંધના એલાનના મેસેજ સોશિયલ મીડિયામાં કોણે વહેતા કર્યા તે તપાસનો વિષય છે. જોકે, હિન્દૂ સંગઠન દ્વારા બંધનું એલાન અપાયું નહોતું તો મોકૂફ કેમ રખાયું? તેને લઈને સસ્તી પબ્લિસિટી માટે હિન્દૂ સમાજને ગુમરાહ કરાયો હોવાના ગણગણાટ વચ્ચે સમગ્ર કાર્યક્રમનો ફિયાસ્કો થયો હોવાની ચર્ચાએ વેગ પકડ્યો હતો.

# આહવા ખાતે યોજાઈ જિલ્લા નિરીક્ષણ સમિતિની ત્રિમાસિક બેઠક



આહવાઃ તાઃ ૨ઃ

ડાંગના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી સુશ્રી કાજલ ગામીતની અધ્યક્ષતામા તાજેતરમા સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, આહવા ખાતે જિલ્લા નિરીક્ષણ સમિતિની ત્રિમાસિક બેઠક યોજવામા આવી હતી.

દરમિયાન અગાઉની બેઠકની કાર્યવાહી નોંધ વંચાણે લઇ સર્વ સંમતિથી તેને બહાલી આપી, જુવેનાઇલ જસ્ટીસ એકટ-૨૦૧૫ની કલમ-૫૪ મુજબ, જુવેનાઇલ જસ્ટીસ એકટ રૂલ્સના નિયમ-૪૨(૩) અને ૪૨ (૧૦) (I) અનુસાર સસ્થાનુ નિરીક્ષણ હાથ ધરી, તમામ સુવિધાઓ અને રજીસ્ટરોની ચકાસણી કરી, નિરીક્ષણ ફોર્મની માહિતી પણ તૈયાર કરવામા આવી હતી. સંસ્થામા રહેતા કુલ-૨૭ જેટલા અંતેવાસી બાળકોની અધ્યક્ષ અને સભ્યો દ્વારા રૂબરૂ મુલાકાત લઈ, તેમના શિક્ષણ, આરોગ્ય, સ્વચ્છતા, સહિત ઉપલબ્ધ સુવિધાઓની જાત માહિતી મેળવવામા આવી હતી. આ વેળા સંસ્થા દ્વારા અંતેવાસી બાળકો માટે સંસ્થાની આસપાસ આવેલા અન્ય વિભાગના સરકારી મકાનો સંસ્થાના ઉપયોગર્થે ફાળવવાની પણ રજુઆત કરવામા આવી હતી. બેઠક દરમિયાન અધ્યક્ષ સ્થાને કોવિડ-૧૯ની પરિસ્થિતિને ધ્યાને રાખીને સંસ્થામા પ્રવેશપાત્ર અંતેવાસી બાળકોને, સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ પાલન કરાવવા તથા સમયાંતરે મેડિકલ ચેકઅપ કરાવવાનુ સૂચન કરાયુ હતુ. જયારે સંસ્થાના અંતેવાસી બાળકોની રસ-રૂચી પ્રમાણેના રમત-ગમતના સાધનોનો ઉપયોગ કરાવી, રમત વિશેનુ જરૂરી માર્ગદર્શન આપી, બાળકોમા રહેલી સૂષુપ્ત શકિતઓને ખિલવવા માટેના પ્રયત્નો હાથ ધરવા પણ જણાવાયુ હતુ. બેઠકમા પ્રાંત અધિકારી સુશ્રી કે.વી.ગામીત સહિત,અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.એચ.એમ.ગામીત, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી જે.એમ. ચૌધરી, માનસિક સ્વાસ્થ્ય નિષ્ણાંત ડો.અંકિત રાઠોડ, ચાઇલ્ડ વેલ્ફેર કમિટીના સભ્ય શ્રી કોળઘુભાઇ એસ.ગાવિત, બાળ કલ્યાણ ક્ષેત્રના સામાજિક કાર્યકર શ્રી સંજયભાઇ શર્મા, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી સી.એમ.જોષી, સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝના અધિક્ષક શ્રી ડી.જી.ગામીત, આમંત્રિત સભ્ય શ્રી દિવ્યેશ એમ. વણકર સહિતના અધિકારી, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નરેન્દ્ર પવાર,ડાંગ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.